नीति अने लौकिक धर्म विषे.

નીતિ અને લૌકિક ધર્મ વિષે

પ્રશ્નોત્તર. ૧૭૭

"A CATECHISM OF THE MORAL AND SOCIAL DUTIES."

એ નામની અંગ્રેજી ચોપડીનું ભાષાંતર કરનાર,

હરગોવનં દ્વારકાંદાસ કાંટાવાળા.

(વડોદરાના કેળવણી ખાતા સારૂં.)

આવૃત્તિ ચોથી.

નડીઆદ

સત્યસાગર પ્રેસમાં છાપ્યા.

સંવત ૧૯૩૯—સને ૧૮૮૩.

કીમત રૂ-૨-૩

પ્રસ્તાવના.

નામદાર વડોદરાના દિવાન સાહેબે પોતાના એક રિપોર્ટમાં જણાવ્યું છે તે યથાર્થ છે કે છોકરાંઓને બુદ્ધિની કેળવણી સાથે નીતિની કેળવણી મળવી જોઇએ. છોકરાં ભૂમીતિ ભણીને લીટી ને લીટી વચ્ચેના સંબંધ જાણે, પણ તેઓ માણસ ને માણસના વચ્ચેના સંબંધથી એટલે મનુષ્ય પ્રત્યેના પોતાના ધર્મથી અજાણ્યાં રહે તે ઠીક નથી. આ ઉપરથી વડોદરાની નિશાળોમાં નીતિની કેળવણી ખાસ રીતે દાખલ કરવા સારૂ નામદાર દિવાન સાહેબની ખાએશથી આ ભાષાંતર કરવામાં આવ્યું છે.

ભાષાંતર જેમ બને તેમ સેહેલું ને સમજાય એવું કરવાની કાળજી રાખ્યા છતાં પણ વિષયની કઠણાશ અને સંકોચિત ઇબારતને લીધે તે નાની વયના વિદ્યાર્થિઓ પોતાની મેળે સમજી શકશે એમ લાગતું નથી. માટે આ ચોપડી ઉપલાં ધોરણમાં એટલે પાંચમા ને છઠામાંજ ચલાવવાની છે. શિક્ષકે દરેક શબ્દ છોકરાંને સારી પેઠે સમજાવવો; વાક્યનું પ્રથક્કરણ કરીને તેનો ખરો ભાવ તેમના દીલમાં ઉતારવો; અને વ્યવહારમાં ચાલતા પુષ્કળ દાખલા પોતે જણાવીને કે તેમની પાસે કઢાવીને હરેક વિષય તેમના મનમાં રમી રહે એવો કરવો. એક પાઠ પૂરો થાય એટલે છોકરાં પાસે પોતાની ભાષામાં તેની મતલબ લખાવવી. તેઓ સારૂં ખોટું કામ કરે ત્યારે તે વિષે ટીકા કરતાં ચોપડી માંહેલી શિક્ષા દેવી. શિક્ષકે પોતે આ ચોપડીનું સારી પેઠે મનન કરવું, એટલુંજ નહીં પણ પોતાની રહેણી કરણી છોકરાં દાખલો લે એવી રાખવી જોઇએ; કેમકે જેમ "યથારાજા

તથા પ્રજા" તેમ "યથા ગુરૂ તથા શિષ્ય" કહીએ તો ચાલે. મેહેતાજીનાં જેવાં આચરણ હોય તે પ્રમાણે નિશાળીઆ ચાલે છે. સંવત ૧૯૩૫.

બીજી આવૃત્તિ.

કેટલેક ઠેકાણે શિક્ષકો ચોપડીમાંના અક્ષરે અક્ષર ગો-ખાવે છે એમ જાણવામાંઆવ્યું, તેમ કેટલાક મેહેતાજીઓએ ચોપડી કઠણ પડે છે એમ જણાવ્યું, તેથી આ વખત કંઈ વધઘટ કરવામાં આવી છે. ખુલાસાને માટે ઘણે ઠેકાણે ટીકા આપી છે. ટીકામાં આપેલાં દ્રષ્ટાંત સૂચના તરીકે સમજી ઠેકાણે ઠેકાણે શિક્ષકે લાગુ પડતાં દ્રષ્ટાંત આપવાં. શ્રાવણ સુદ ૧, સંવત ૧૯૩૬.

નીતિ અને લૌકિક ધર્મ વિષે.

પ્રશ્નોત્તર.

—⁂—

પાઠ ૧ લો.

પ્ર. સદ્બુદ્ધિ એટલે શું?

ઉ. ખરૂં ખોટું એટલે પુણ્ય કે પાપવાળું કામ જણાઇ આવે એવી આપણા મનમાં પરમેશ્વરે જે બુદ્ધિ મુકેલી છે તે. એ બુદ્ધિ વિચાર શકિતથી મજબુત થાય છે, અને [૧] ધર્મથી તે ડગે નહિ એવી દૃઢ થાય છે; આપણા નીતિધર્મ અથવા કર્તવ્યકર્મ એ બુદ્ધિવડે ઓળી કઢાય છે.

પ્ર. નીતિનો સૌથી મોટો નિયમ કયો?

ઉ. તે નિયમ એ કે બીજાઓ તરફથી આપણે જેવી વર્તણુક ઇચ્છીએ તેવી વર્તણુક આપણે તેમના તરફ રાખવી. કોઇ આપણું ભુંડું કરે તો આપણને જેવું લાગે તેવું બીજાઓને પણ લાગતું હશે, એ વિચાર તેમની સાથે વર્તણુક ચલાવતાં આપણે રાખવો જોઇએ. એ વિષે [૨] ગીતામાં કહ્યું છે કે,

॥आत्मौ प्येन सर्वत्र समं षश्यति योर्जुन॥
॥सुख वा यदि वा दुःखं सयोगी परमोमत॥

અર્થ. હે અરજુન પોતાને સુખ દુઃખ જેમ લાગે છે, તેમજ સર્વ પ્રાણીઓને સુખદુઃખ લાગે છે, એમ જે જુએ છે તે પુરૂષને શ્રેષ્ટ જાણવો.

---

૧ ધર્મશાસ્ત્ર અથવા જે ધર્મ આપણે પાળતા હોઇએ તે. ધર્મનો બીજો અર્થ ફરજ અથવા કર્તવ્ય થાય છે તે અહીં નથી સમજવાનો. ૨ અધ્યાય ૬ ઠો, શ્લોક ૩૨ મો.

પ્ર. નીતિનાં અને ધર્મનાં કર્તવ્યકર્મ જૂદાં પાડી શકાય કે નહિ?

ઉ. નજ પાડી શકાય; કેમકે તેઓ એક બીજાપર એટલો આધાર રાખે છે, અને એક બીજા સાથે તેઓ એવાં ગુંથાયલાં છે કે તેમને જૂદાં પાડવા મેહેનત લેવી એ અણસમજભરેલું અને નુકશાનકારક છે.

પ્ર. આ તમામ કર્તવ્યોના બીજી રીતે કંઇ ભાગ પડી શકે કે નહિ?

ઉ. હા. એમના બે મુખ્ય ભાગ પડે. ૧ લો. સ્વધર્મ એટલે પોતા પ્રત્યે આપણા ધર્મ, અથવા આપણી ખાનગી ફરજો. ૨ જો લૌકિક, એટલે બીજાના સંબંધમાં આપણા ધર્મ.

પ્ર. સ્વધર્મ એટલે શું?

ઉ. જે ધર્મ મુખ્યત્વે કરીને આપણા પોતા પ્રત્યે છે, એટલે આપણું પોતાનું [1] નિશ્ચિંતપણું ને સુખ વધારવા ભણી જેનું મુખ્ય વલણ છે તે.

પ્ર. લૌકિક ધર્મ કોને કહેવા?

ઉ. સંસારના સંબંધથી જે ધર્મો ઉત્પન્ન થાય છે તે; સામાન્ય પણે [2] જનમંડળનું નિશ્ચિંતપણું ને સુખ વધારવા તરફ જે ધર્મોનું વલણ છે તે.

પ્ર. મુખ્ય સ્વધર્મો કયા તે ગણાવો?

ઉ. સ્વચ્છતા, ઉદ્યોગ, પરહેજ (અંદાજો, પરિમિતતા), કરકસર, ધૈર્ય, સંતોષ, વિવેક (અગમ બુદ્ધિ) સહનશીલતા (સબુરી), [3] સમતા, વ્યવસ્થા (ગોઠવણ), સ્વપરીક્ષા, સ્વસુધારો, જીતેંદ્રિયપણું, મન મારવું (સંયમ).

---

૧. ચિંતાવગરનું–શાંતિ, ૨. મનુષ્ય સમગ્રે–સાર્વજનિક. ૩ હરખથી છલકાવું કે શોકથી ગભરાવું નહિ તે. સુખ દુઃખનું સમાનપણું.

પ્ર. લૌકિક મુખ્ય ધર્મ કયા?

ઉ. પરમેશ્વર અને આપણા કુટુંબ પરીવારના સંબંધમાં તેમજ મનુષ્ય માત્રના સંબંધમાં આપણે જે ફરજો અદા કરવાની છે તે. જેમ કે, આજ્ઞામાં રહેવું, સ્વદેશ હિતેચ્છા (દેશાભિમાન), સભ્યતા, કૃતજ્ઞતા પરોપકારબુદ્ધિ, નિષ્કપટ (સત્યશીલતા), નમ્રતા (સૌમ્યતા), પ્રમાણિકપણું, મોટું મન, ન્યાયબુદ્ધિ.

પાઠ ૨ જો.

સ્વધર્મ.

સ્વચ્છતા.

પ્ર. સ્વચ્છતા એટલે શું?

ઉ. શરીર તથા કપડાં લત્તાં મેલાં ન રાખવાની ટેવ.

પ્ર. સ્વચ્છ રહેવાની શી જરૂર?

ઉ. આપણું મન ધડાવ તથા નિયમિત છે એમ સફાઇ અને સ્વચ્છતાવડે માલમ પડે છે. વળી લોકો આપણા વિષે શું કહેશે, તેની આપણને અરે છે એમ એથી જણાઇ આવે છે.

પ્ર. મલીન રહેવાથી શું જણાઇ આવે છે?

ઉ. આપણે સુસ્ત અને અનિયમિત છીએ એવું મલીન રહેવાથી માલમ પડે છે. જાણે લોકોના મતને તુચ્છ ગણતા કે ધિક્કારતા હોઇએ એવું એથી જણાય છે; અથવા જાણે આપણો પંથ સૌથી ન્યારો હોય એવું આપણે ડોળ કરીએ છીએ એમ સામાને માલમ પડે છે; પણ એથી તો આપણી નબળાઇજ માત્ર ઉઘાડી થાય છે.

પ્ર. સ્વચ્છતા શરીરને લાભકારક હશે કે નહીં?

ઉ. હા. સ્વચ્છતાથી કપડાંનું જતન થાય છે, એટલે

તેથી કરકસરનો ધર્મ પાળવામાં આપણને મદત મળે છે. એથી આપણા શરીરની આરોગ્યતા સચવાય છે. સાફસૂફ રહેનારા માણસ કરતાં ગંદી ટેવના માણસને ખસ, કોઢો, દાદર, વિષફોટિક જેવા ચેપી રોગો વધારે વળગે છે.

પ્ર. સ્વચ્છતા વડે આત્મિક* લાભ કયાકયા થાય છે?

ઉ. શરીર શુદ્ધિથી સ્વાભાવિક રીતે આત્મિક શુદ્ધિને રસ્તે ચઢાય છે. જેમને બહારના ગંદવાડની ખરેખરી ચીડ હોય છે તેઓને અનીતિરૂપી ગંદવાડ પણ કંટાળો આપે છે. પાપને મલીનપણાની ઉપમા અપાય છે, અને મલીનપણાને ધોઇ નાંખવાની શાસ્ત્રમાં પણ આજ્ઞા છે; માટે બહારના પદાર્થોના સ્પર્શ વડે આપણા ઓળીઆને વળગેલા મેલ સાફ કરતાં પાપી કર્મના સ્પર્શે કરીને ચઢતા મેલને ધોઇ નાખવાની જરૂર પણ આપણને દીસી આવે છે. આચાર હોય તો વિચાર પણ સુધરે.

પ્ર. સ્વચ્છતાની અગત્ય કોણે નથી ગણી?

ઉ. એની જરૂરીઆત થોડી કે ઘણી સઘળા સુધરેલા દેશના લોકોએ ગણેલી છે, અને તેમાંના ઘણા દેશના લોકોએ (જેમ કે આપણે) તેને એક ધર્મનો ભાગ માન્યો છે. નાહ્યા વગર ખવાય નહીં. હજામત કરાવીને નહાવું, ઝાડે ફરી આવીને હાથ પગ ધોવા, વગેરેને આપણે ધર્મનાં આચરણ ગણીએ છીએ, કેમકે એથી સ્વચ્છતા રહે છે.

પાઠ ૩ જો.

ઉદ્યોગીપણું.

પ્ર. ઉદ્યોગીપણું એટલે શું?

ઉ. જે કામમાં કે ધંધામાં આપણે પડયા હોઇએ તેમાં એક સરખી રીતે ને દૃઢપણે મચ્યા રહેવાની ટેવ.

* આત્માને લગતા.

પ્ર. મનુષ્ય દેહ ધરીને કંઈ કામ ન કરતાં દરિદ્રીની પેઠે સુસ્ત થઈ પડી રહેવું તે ઠીક કહેવાય?

ઉ. ના. સૌ કોઈ કામ કરવાજ સરજ્યું છે.* જેમને પોતાના ગુજરાન સારૂ મેહેનત કરવી પડતી નથી તેમણે પણ પોતાની બુદ્ધિ કેળવવાને અને પરોપકારને માટે હરેક રીતે કામમાં ગુંથાવું જોઈએ.

પ્ર. ઉદ્યોગથી શા લાભ થાય છે?

ઉ. શરીરને રોગથી અને મનને દુષ્કર્મોથી બચાવનાર ઉદ્યોગ છે; આરોગ્યતા, આનંદ, પૈસો ટકો, સંતોષ, સદ્ગુણ, અને સુખ એ સૌ ઉદ્યોગનાં ફળ છે. જેને જોઈએ તેટલો કામ ધંધો છે તેને દુ:ખી સમજવો નહીં.

પ્ર. પોતાના ગુજરાન સારૂ મેહેનત કરવી એ ગેર આબરૂનું કામ છે વારૂ?

ઉ. ના. જન મંડળને હિત કરનારા મહા પુરૂષો અને મોટા મોટા રાજાઓ સુદ્ધાં ઘણા ઉદ્યોગી થઈ ગયા છે, તો આપણે તે શા લેખામાં. જે ધંધો જાતે નીતિસર છે, અને જે અનીતિથી ચલાવવામાં આવતો નથી, તે ગમે તેવો હોય તોપણ હલકો ન સમજવો. ધંધામાં લાજ નથી; ચોરી છીનાળી જેવાં અનીતિનાં કામ કરવામાં લાજ છે.

પ્ર. મનુષ્યે ઉદ્યોગને કેવો માનેલો છે?

ઉ. ઉદ્યોગને સૌથી વધારે આબરૂદાર માન્યો છે; અને આળસને હમેશ ધિકારેલી છે.

પ્ર. એમ કેમ?

ઉ. કેમકે ઉદ્યમ વગર કોઈ પણ બાબતમાં કોઈથી ઉંચપણું મેળવી શકાતું નથી; કહ્યું છે, કે विद्या धन उद्यम विना, कहो जि पावे कौन; बिन डोलाए ना

* શ્રીમંત, વતનદાર કે રાજા જેવા.

मिले, ज्युं पंखेको पौंन. (હાથ પગ હલાવ્યા વગર વિદ્યા ને ધન તે શી રીતે મળે; પંખાને હલાવ્યા વગર પવન મળતો નથી). આળસથી માણસનું મન અધમ અને પશુવત્ થાય છે.

પ્ર. આ ધર્મ હદપાર બજાવ્યાથી કેવું ફળ થાય?

ઉ. આપણી તંદુરસ્તીને હરકત થાય એવી હદપાર મેહેનત ન કરવી. જે મળનાર નથી તે મેળવવા માટે બાથોડીઆં ન મારવાં. ગેરવ્યાજબી મતલબ પાર પાડવાનો ખોટો ઉદ્યોગ પણ ન કરવો. આળસુ રહેવા કરતાં અતિ શ્રમ કરવો પડે તોપણ તે સરસ, કેમકે "માણસ કટાઇ (આળસથી ખવાઇ) જવા કરતાં ઘસાઇ (મેહેનત વડે) જાય તે સારૂં" એવી કહેવત છે. આત્માનો પણ ખરો કાટ આળસ છે.

પ્ર. આળસને કેવી ગણવામાં આવે છે?

ઉ. તેને સઘળા દુર્ગુણની માતા અથવા મૂળ ગણે છે. જેણે જવાનીમાં આળસ રાખી તેને આધેર અવસ્થામાં ને ઘડપણમાં અધમ ને નિરર્થક કામ કરવાં પડે છે. ઘડપણમાં નડતાં ઘણાં દુ:ખનું કારણ પણ જવાનીમાં રાખેલો આળસ છે એમ વિચાર કરીશું તો માલમ પડશે.

પાઠ ૪ થો.

પરહેજી.

પ્ર. પરહેજી એટલે શું?

ઉ. આપણા મનોવિકારને તથા તૃષ્ણાને યોગ્ય રીતે વશ રાખવાં તે. એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર ને માયારૂપી જે ખટરિપુ કહેવાય છે તેમાં લીન ન થઇ જવું તે.

પ્ર. નીતિધર્મોની ગણનામાં આ ગુણની પંક્તિ કેટલામી?

---

* પરિમતતા. અંદાજો.

ઉ. ઘણું કરીને પેહેલી; કેમ કે એ વગર સદ્ગુણને ઠારનાર, અને દુર્ગુણને અટકાવનાર કોઇ નથી. જે મોટામાં મોટી લાલચમાં આપણું મન લપટાવાનું હોય તે લાલચો નો ત્યાગ કરાવનાર આ ગુણ છે; માટે તેનામાં ઉંચપણું રહેલું છે, અને એજ કારણથી જેઓ તેને અનુભવે છે તેમને તે મોટાઇ આપે છે. પોતાની ઇંદ્રિઓને કબજે રાખી જેઓ મનોવિકારને દબાવી શકે છે, તેઓનેજ સાધુ પૂરૂષ સમજવા.

પ્ર. એથી શા શા લાભ થાય છે?

ઉ. એથી મન નિર્મળ અને તન મજબુત થાય છે. વળી એથી જન્મના વ્યાધિ દૂર થાય છે કે તેમાં ઘટાડો થાય છે. તે શરીરને ચંચળ કરે છે, અને સ્વભાવને કોમળતા આપે છે. મન અને તન બંનેને તે ખરી સ્વતંત્રતા બક્ષે છે. સંસારમાં જે સ્થિતિ આપણે માટે નિર્માણ થઇ છે, તે સ્થિતિએ ટકાવી રાખનાર પણ એજ છે. મતલબ કે પરહેજી ન પાળી તો આપણે નીચી પાયરીમાં આવી જઇશું; જેમ કે કોઇ આબરૂદાર માણસ જીભ વશ ન રાખીને કેફ કરે કે અનીતિ આચરે તો તે હલકો પડ્યા વગર રહેજ નહીં. લાભનો માર્યો કોઇ નોકર લાંચ લેવા જાય, તો તે સમુળગો ઘેર બેસે.

પ્ર. બદપરહેજી વધારનાર સાધન કયાં હશે?

ઉ. ખાવા પીવામાં અકરાંતા વેડા (આ દુર્ગુણ સૌથી અધમ પ્રકારનો છે), તુચ્છ વાસનાઓને[1] તાબે થવાની ટેવ, કામ ધંધા વગર નિરૂધમી રહેવું, અતિ તૃષ્ણા, અને આળસુ સાથીઓ.

પ્ર. બદપરહેજી એટલે શું?

---

૧ વ્યભિચાર આદિ.

ઉ. સ્વાભાવિક ઇંદ્રિય[2] સુખપર અયોગ્ય શોખ, અસાધારણ ખાવુંપીવું.[3] અને ઉંઘવું, ઓઢવા પેહેરવામાં જોઇએ તે કરતાં વધારે વખત ગુમાવવો, અને મિથ્યા કે અનિયમિત વાંછનાને બેહેકાવી મુકવી એનું નામ બદપરહેજી.

પ્ર. પરહેજીની ટેવ પાડવાના સૌથી સારા ઉપાય કયા?

ઉ. [4]નિરૂપકારી ને નીતિની ગમતોથી પણ દૂર રહેવાનો કોઇ કોઇવાર મહાવરો કરવો. એટલે બાજી ગંજીફા જેવી રમતો કે ગાવા બજાવવાની ગમતો પણ મન મારવાને અર્થે કેટલીકવાર છોડી દેવી; પવિત્ર મનથી માનસિક[5] આનંદનો શોખ વધારવો, એટલે ધર્મની ને જ્ઞાનની વાતોની રૂચી કરવી; સઘળા જુગોના સારા ને પવિત્ર મહાપુરૂષોના દાખલા ગ્રંથોમાંથી વાંચી સાંભળીને નજર આગળ રાખવા. હરિશ્ચંદ્ર, રામ, વિક્રમ, સીતા, મીનળદેવી, અહલ્યાબાઇ[6] જેવાંનાં ચરિત્ર આપણને સુમાર્ગે ચઢાવ્યા વગર રહેશે નહીં.

પાઠ ૫ મો.

કરકસર.

પ્ર. કરકસર એટલે શું?

ઉ. માલ મિલ્કતની ઘટારત વ્યવસ્થા કરવી. અને આપણી પેદાસ તથા સાધનોના પ્રમાણમાં ડહાપણથી અને વિવેકથી ખરચ કરવો તે.

---

૨ જેમ કે ખાવું એ સ્વાભાવિક ઇંદ્રિય સુખ કહેવાય પણ અતિશે ખાઇએ તો માંદા પડાય. એજ રીતે છ ઇંદ્રિઓ વડે જે જે કાર્ય થવાનાં તે માજને થવાં જોઇએ. અતિશેમાં માલ નથી. કહ્યું છે કે અતિશે ન બોલના ને અતિશે ન ચૂપ; અતિશે ન વરસણા ને અતિશે ન ધુપ. ૩ દારૂ વગેરે કેફી વસ્તુ વિષે એમાં વધારે અર્થ છે. ૪ કોઇને હલો હરકત ન કરે એવી. ૫ મનનો, આત્માનો. ૬ ઇંદૂરવાળાં.

પ્ર. આ ધર્મ બજાવવાથી શા લાભ થાય?

ઉ. નીતિ ધર્મમાં સૌથી કઠણ એવો જે મન મારવા નો ધર્મ તે એથી પ્રાપ્ત થઇ શકે. ઘણા સદ્ગુણનું એ મૂળ છે. નીતિરૂપી મકાનના ચણતરમાં તે [1]સાગોળની બરાબર છે. દુર્ગુણથી રક્ષણ કરનાર તે એક કિલ્લો છે, અને [2]ઉન્નતિ કે ઉંચ ગુણ મેળવવામાં તે અતિ અગત્યનું સાધન છે.

સમજણ—કેફ જુગાર વગેરે કુછંદ પૈસા ઉડાવ્યા વગર થતા નથી. જેનો સ્વભાવ કસરોઓ હોય તેનાથી એવા કામમાં પૈસા ખરચાય નહીં, માટે એ વાતે દુર્ગુણમાં ફસાતા નથી.

પ્ર. કરકસર ન કરવાથી શું નુકશાન?

ઉ. કરકસર વિના અન્યાયો થવાથી મોટી ધાસ્તીમાં આપણે આવી પડીએ છીએ. હવે પછી ઇશ્વરને ત્યાં જેનો હિસાબ આપવાનો છે તેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આ ગુણ વિના આપણે ઉડાઉ થઇએ છીએ. મતલબ કે ઇશ્વર કૃપાથી મળેલાં સાધન જેવાં કે ઇંદ્રિઓ પૈસો ટકો વગેરેને આપણે બદફેલીથી ખરાબ રસ્તે વાપરીએ તો ઇશ્વરના મોં આગળ આપણે શો જવાબ દઇએ. કરકસર વિના બીજાની તંગીઓ[3] વિષે આપણે બેદરકાર, સ્વાર્થી અને કઠણ કાળજાના થઇએ છીએ; એટલે એમ કે પોતાના સ્વાર્થમાં આપણે ઉડાઉ થઇ પૈસા ખરચી નાંખતા હોઇએ, તો આપણે પરગજુ શી રીતે થઇ શકીએ. સામાને મદદ કરવાની સત્તા ન હોય ત્યારે તેના દુઃખની દરકાર શી રીતે રખાય? એવું ઘણીવાર બને એટલે પછી દયાભાવ પણ નાશ પામે.

---

૧ કોલ-કેલ-ઇંટ પથ્થરને સાંધનાર. ૨ મોટપણું. ૩ બીજાઓને જેની જરૂર હોય તે.

પાઠ ૬ ઠો.

ધૈર્ય.

પ્ર. ધૈર્ય તે શું?

ઉ. ગમે તેવી વિપત્તિ કે દુ:ખ આવી પડે તે ખમવાને શકિતમાન થવાય એવો જે જરૂરનો સદ્ગુણ તેનું નામ ધૈર્ય.

પ્ર. ધૈર્યને ધર્મ શા માટે ગણવો?

ઉ. એટલા માટે કે એ વગર શાંતિ ભોગવાતી નથી અને સુખ મળતું નથી. વળી એથી આપણે દૃઢપણે સદ્ગુણ આચરતા રહીએ છીએ.

પ્ર. આમ કહેવાની શાબિતી શી?

ઉ. જે કોઇ દુ:ખથી ડરે છે, અથવા તેના પહેલા દેખાવથીજ હબકે છે, તે ભયનો ગુલામ થઇ રહે છે. તેની જીંદગી ભયમાં ને ભયમાંજ ગુજરે છે. જેનો સ્વભાવ નામર્દ ને બીકણ હોય તેને દુનિયાનો દાસ સમજવો; કેમકે દુ:ખ ફેડવાની તે પંડે શકિત ધરાવતો નથી, અને સારૂં કરવાની તેનામાં હિંમત હોતી નથી.

પ્ર. ધૈર્યથી થતા લાભ બતાવો!

ઉ. એથી મન દૃઢ થાય છે, અને આવતું દુ:ખ દૂર રાખવાને કે તેની અસર ઓછી કરવાને આપણે શકિતમાન થઇએ છીએ. હરેક ઉમદા મન શકિતનું [1]તે રક્ષણ કરે છે તથા તેને મજબુતી આપે છે. આપણને દુર્ભાગ્યના સપાટાથી દૂર રાખનાર પણ એજ છે.

પ્ર. ધૈર્યના ખરા પાયા કયા?

ઉ. ચોખું અંત:કરણ, અને ઇશ્વર ઉપર દૃઢ વિશ્વાસ.

પ્ર. એનો જરા વધારે ખુલાસો કરી શકશો?

ઉ. જેનું અંત:કરણ મેલું હોય તેને હમેશાં ચિંતા

---

૧ શૌર્ય, સત્ય, સંતોષ, શીલ, વગેરે ગુણોનું.

રહે છે કે રખેને આપણો ગુનોહ પકડાય ને શિક્ષા થાય. આપણા ધોરણને [1]તથા ઇરાદાને સ્વતંત્રપણે વળગી રહેવામાં ખરૂં ધૈર્ય રહેલું છે. જે પરમેશ્વરને પોતાનો મિત્ર માનેછે અને પૃથ્વી ઉપર બનતા સઘળા બનાવ ધ્યાન રાખીને નિહાળે છે તે સિંહના જેવો હિંમતવાન થાય છે. જેણે સંસારમાં પડતાં અનેક સુખ દુ:ખ જોએલાં છે ને તડકો છાંયડો વેહેલો છે તે દુ:ખથી હારી જતો નથી. જેને પરમેશ્વર ઉપર વિશ્વાસ છે તે સંસારના તાપથી હિંમત હારતો નથી.

પ્ર. ધૈર્યની ટેવ પાડવાનો શ્રેષ્ટ ઉપાય કયો?

ઉ. જીંદગીના સુખ દુ:ખનો તથા જીંદગીની કીમતનો ખરો અડસટો [2] કાઢવો તે.

પાઠ ૭ મો.

સંતોષ.

પ્ર. સંતોષ એટલે શું?

ઉ. જે સુખ અને ફાયદા આપણે ભોગવીએ છીએ તે જાણવાની ધટિત અને [3]કૃતજ્ઞ બુદ્ધિને તથા જે વિપત્તિ

---

૧ અર્થાત્ આપણો ટેક જાળવવામાં જે ધોરણોથી આપણે ચાલવાનો નિશ્ચય કર્યો હોય તેને વળગી રહેવું. રાજા હરિશ્ચંદ્રને માથે દુ:ખનાં ઝાડ ઉગ્યાં તોએ તેણે પોતાનું પણ મુકયું નહીં.

૨. જીંદગીમાં કેવાં સુખ દુ:ખ સાધારણપણે આવવાં જોઇએ, તથા પોતાની જીંદગી કેટલી અગત્યની છે તેની ગણના જે પેહેલથી કરી રાખે છે તે પછીથી તેવાં સુખ દુ:ખ આવી પડે કે પોતાને વધારે ઓછું મળે તોપણ ગભરાતો નથી.

૩ થએલા ઉપકાર જાણવા. આપણને ઇશ્વર તરફથી સુખ ને ફાયદા મળેલા છે તે જાણીને તેના ઉપકાર માન-

આવી પડે તે ધૈર્યથી ને ઇશ્વર ઇચ્છાપર નજર રાખી ખમવાના સ્વભાવને સંતોષ કહે છે.

પ્ર. અસંતોષ કયાંથી ઉત્પન્ન થાય છે?

ઉ. આપણા પોતા વિષે હદથી જાદે ઉંચું મત બાંધવાથી અસંતોષ પેદા થાય છે, કેમકે તેથી આપણે ધારીએ છીએ કે આપણી કીમત બીજાઓ ઓછી કરે છે; અને આપણી સ્થિતિ આપણી લાયકી કરતાં નીચી[1] છે. જયાં નરમાશ છે ત્યાં સંતોષ જરૂર હોય છે.

પ્ર. આ સદ્ગુણ અનુભવવામાં કયો સાધારણ નિયમ કામ લાગે?

ઉ. આપણે કેટલા થોડાને પાત્ર છીએ અને એમ છતાં કેટલી વધારે મોજ માણીએ છીએ તેનો વિચાર કરવો. કેમકે તેથી આપણી સંતોષવૃત્તિ દૃઢ થતી જાય છે.

પ્ર. સંતોષથી શા શા લાભ થાય છે?

ઉ. જે પોતાની સ્થિતિમાં સંતોષ માને છે તેનાથી અવદશા વેગળી રહે છે; તેના હૃદયમાં સ્વર્ગની શાંતિ રહે છે; તેની આસપાસની સઘળી ચીજો તેને આનંદદાયક લાગે છે; તે સૌ સાથે મળતો રહે છે, અને સૌ તેની સાથે મળતું રહે છે.

પ્ર. અસંતોષમાં શું દુઃખ?

વાની બુદ્ધિવડે સંતોષનું પહેલું પગથીઉં શરૂ થાય છે. કોઇ થોડા ભણેલાને ઓછા પગારની નોકરી હોય તેથી તે પોતાની હલકી સ્થિતિથી અસંતોષ માને ને ઉપરીઓ મને મોટો પગાર આપતા નથી એમ જાણી દિલગીર થાય; પણ પોતાની લાયકી કેટલી છે તેનો વિચાર કરે નહિ, અને તેથીજ તે અસંતોષી ને દુઃખી રહે.

૧ આપણાથી જે હલકા હોય તેની સાથેજ આપણી સ્થિતિનો મુકાબલો કરવો; તેમ આપણી સરસાઇ કરતાં નબળાઇ કેટલી છે તેનો વિચાર કરવો એટલે અસંતોષ દૂર થશે.

ઉ. અસંતોષથી સ્વાભાવિક રીતે બીજાની સારી સ્થિતિ જોઇ અદેખાઇ ઉત્પન્ન થાય છે. અદેખાઇનો કીડો શરીરને કોલી ખાય છે ને જીંદગીનો નાશ કરે છે. વળી એથી આપણામાં માઠું લાગવાપણાનો તથા ચીડીઆપણાનો દુર્ગુણ આવે છે, અને આવા દુર્ગુણોથી આપણે સર્વને અણગમતા થઇ પડીએ છીએ.

પ્ર. સંતોષને ધર્મ શા માટે કહ્યો હશે?

ઉ. જે સુખ આપણે ભોગવીએ છીએ તે સઘળાં સર્વ શકિતમાન ઇશ્વરે આપેલાં છે, એમ જાણીને ઇશ્વરનો આપણે ગુણ માનીએ છીએ એવું એથી જણાઇ આવે છે હરેક [2] ઉત્પન્ન થએલા પ્રાણીએ જેવી તાબેદારી ને કૃતજ્ઞતા તેના કર્તા પ્રત્યે રાખવી જોઇએ, તેવી તાબેદારી ને કૃતજ્ઞતા જગત્કર્તા પ્રત્યે આપણે રાખીએ છીએ તેની એ નિશાની છે.

પ્ર. વિપત્તિમાં પણ સંતોષ એ એક ધર્મ ખરો કે નહિ?

ઉ. ખરો. કોઇ પણ સ્થિતિ (વિપત્તિવાળી પણ) એવી ખરાબ નથી કે જેમાં કંઇ પણ સારૂં રહેલું ન હોય; અને આ સરસાઇ કૃતજ્ઞતા બતાવવાનું અને સંતોષ રાખવાનું કારણ છે.

પ્ર. સંતોષ આપણામાં ઓછું પાણી છે એમ તો બતાવતો નથી?

ઉ. ના ના. ઇતિહાસમાં ઉત્કૃષ્ટ દૃષ્ટાંત એથી ઉલટાં

---

૨ પરમેશ્વરે આપણને પેદા કર્યા ને સૌ સુખનાં સાધન પણ તેણેજ આપ્યાં, માટે આપણે તેના તાબેદાર ને ઓશિંગણ છીએજ. પેટનું પુરૂં થવા સારૂ જેની આપણે નોકરી કરતા હોઇએ તેની કેટલી તાબેદારી આપણે ઉઠાવીએ છીએ ને તેનો કેટલો ઉપકાર માનીએ છીએ? એ કરતાં માબાપના ઉપકાર વધારે છે, અને પરમેશ્વરના તો સૌથી વધારે છે.

માલમ પડશે; એટલે સંતોષી હોઇને પરાક્રમી થઇ ગએલા મહા પુરૂષો ઇતિહાસમાંથી મળી[૧] આવશે.

પાઠ ૮ મો.

† વિવેક.

પ્ર. વિવેકનો તમે કેવો અર્થ કરો છો?

ઉ. આપણી સ્થિતિને શું ઘટિત અઘટિત છે તેનો આપણને જે અનુભવ થઇ ચુકો હોય, તે ઉપરથી આ ગુણ નિકળે છે. જે વાજબી હોય અને જેથી આપણું કલ્યાણ થાય એવું પ્રથમથી સાવધાની રાખી આચરવાની ટેવ નકી કરી આપનાર મનના ગુણને[૧] વિવેક કહે છે.

પ્ર. વિવેક ને સદ્‌ગુણ શા માટે કહેવો?

ઉ. એટલા માટે કે આખી જીંદગીમાં એવો વખત નથી આવતો કે જેમાં વગર વિચાર્યું ને ગમે તેમ કરવા છતાં પણ આપણને આંચ ન આવે, કે આપણાં કામ પાર પડવાની ઉમેદ રહે.

પ્ર. વિવેકથી શા શા લાભ થાય છે?

---

૧ રામચંદ્ર, પાંડવ, વગેરે.

† અગમ બુદ્ધિ. સારી રીતભાત કે આગતા સ્વાગતાને આપણે વિવેક કહીએ છીએ પણ આ જગાએ તેનો એટલો બોહોળો અર્થ છે કે "સારી રીતભાત" તો તેના પેટામાં કયાંએ સમાઇ જાય. રીતભાત કરતાં આ વિષય આચરણને વધારે લાગુ પડે છે. ૧ કોઇ અવિવેકી બાયડીને રાંધવા બેસાડી. દૂધપાક સાથે જમણ કરવાનું હતું તેમાં જોઇતો સામાન—બદામ, પસ્તાં, એલચી, દાળચોખા, મસાલો વગેરે તેના મોં આગળ મુકયાં. પેલી બાઇએ દૂધપાકમાં હિંગનો વઘાર કર્યો, અને બદામ પિસ્તાં વગેરે દાળમાં નાંખ્યાં! આ સાધારણ કામમાં અવિવેકનું અથવા વગર વિચારનું દૃષ્ટાંત છે, તે સંસારના સર્વ કામને લાગુ પાડી શકાય.

ઉ. એથી આપણી વટ વગેરે જળવાય છે અને આપણી મહાનબુદ્ધિ કે પ્રતાપી સદ્ગુણો વખાણાય છે એ ગુણ આપણા સંસારી સ્વાર્થ સિદ્ધ કરે છે. આપણાં સદ્ગુણને આરોગ્યતા જાળવે છે, અને લોકમાં આપણને માન પમાડે છે. એ વગર કોઈ માણસનો મિત્ર તરીકે વિશ્વાસ રાખી શકાય નહિ. એ વગર [1]સાર્વજનિક કામકાજને કોઈ યોગ્ય થતું નથી. ઘર સંસારની સુખસાતા એ વગર ભયમાં કે હરકતમાં આવી પડે છે. પરાક્રમ બુદ્ધિવાળા માણસની દોસ્તી કોઈ કરતું નથી, અથવા તેની દોસ્તી કરવામાં સૌ ભય સમજે છે.

પ્ર. ઘણા ખરા જવાનીઆમાં આ સદ્ગુણ જોવામાં આવે છે કે નહિ?

ઉ. ના. જુવાન અવસ્થા ઉધતાઈ અને પરાક્રમ બુદ્ધિથી ભરેલી હોય છે; માટે નાનપણથી આપણા વડિલોના ડહાપણને તથા અનુભવને માન આપતાં શીખવું, અને તેમની સલાહને તથા અગમ બુદ્ધિને ખુશીથી તાબે થવું.

પ્ર. દુનિયામાં વિવેક અથવા અગમબુદ્ધિ કેવી ગણવામાં આવે છે?

ઉ. લોકોમાં સૌથી એનું વધારે મહત્વ છે; કેમકે એનું ચણતર પુખ્ત વિચારથી થએલું છે, અને મનુષ્યની સમજ શક્તિનો પૂર્ણ નમુનો જે ડહાપણ તેની સાથે એ [1]નિકટનો સંબંધ ધરાવે છે.

પ્ર. વિવેકના પાયા કિયા કિયા રાખવા?

ઉ. આપણા દરેક [2]કર્તવ્યને અંતઃકરણથી માન આપવું; અને આપણા [3]મતને દૃઢપણે વળગી રહેવું. આ

---

૨ જાહેર-લોકોપયોગી કામ.

૧ નજીકનો-પાસેનો. ૨ આપણે કરવા યોગ્ય કે ન કરવા જેવાં કામ સમજવાં, અને એકને માન આપવું ને બીજાને ધિક્કારવું જોઈએ. ૩ બીજાને રાજી કરવા કે મ-

બે પાયા ઉપર આ ગુણનું ચણતર ચણવું. જો એમ કર્યું તો એજ વિવેક અધમ થઇ લુચ્ચાઇ અને આપસ્વા માત્ર શીખવશે.

પાઠ ૯ મો.

[1]સહન શીલતા.

પ્ર. સહન શીલતા એટલે શું?

ઉ. સહનશીલતા એ એવી ટેવ છે કે જે વડે બબડાટ કર્યા વગર દુર્દૈવ્ય સહન કરી શકાય, હાય વરાળ કર્યા વગર શરીરની વેદના ખમી શકાય, બીજાએ કરેલી પીડા ઠપકો આપ્યા વગર વેઠી શકાય, ચીડાયા વગર [2]ખંડન એટલે [3]પ્રતિપક્ષીનાં વેણ સાંખી શકાય, અને બીજાની ખરાબ ચાલ ટીકા કર્યા વગર સહી શકાય.

પ્ર. એને કર્ત્તવ્ય કર્મ શા માટે ગણે છે?

ઉ. એટલા માટે કે એથી ઉલટો સ્વભાવ રાખવો તે સર્વ શકિતમાન ઇશ્વરની સામા થવા બરાબર છે; કારણ તેની આજ્ઞાથી કે તેની રજાથીજ સઘળાં દુ:ખ આપણા ઉપર આવી પડે છે.

પ્ર. સહનશીલતાથી શા શા લાભ થાય છે?

ઉ. માથે આવી પડેલી આપત્તિ એથી ઓછી થાયછે. આપત્તિમાં મન શાંત રાખવાથી જોઇતી મેહેનત કરવાને,

---

તલબ સાધવા કેટલાક લોક પોતાનાં દૃઢ મત પણ ફેરવી નાખે છે ને સામાને રાજી કરવા હાજી હા કરે છે કે મરજીમાં આવે તેમ વર્ત્તે છે. એમ કરવાથી આપણા મનની નબળાઇ, કે અવિવેક માલમ પડે છે. કોઇપણ મત વિવેકથી બાંધવું, અને તે છેવટ સુધી વિવેકથી પાળવું.

૧ ધીરજ, સબુરી. ૨ આપણી રહેણી કરણી વિષે, ભાષણ વિષે, પુસ્તક વિષે જે સખત ટીકા થાય તે ખમી શકાય. ૩ સામાવાળો.

અને ફાવતી જોગવાઈ સાધી લેવાને આપણે શક્તિમાન થઈએ છીએ. જોઈતી મેહેનત, અને ફાવતાં જોગવાઈના ઘટિત ઉપયોગવડે આપણે ઘણું કરીને પાછા સારી સ્થિતિમાં આવી શકીશું. સહન શીલતાથી શરીરની વેદનાનું જોર કમી થાયછે; અને શરીરનો બાંધો [૪] નિરોગી ને કૌવતવાળો થાયછે.

પ્ર. એવી થતા બીજા ફાયદા તમે બતાવી શકો છો?

ઉ. સહનશીલતાથી ઘણું કરીને દુસ્મનનું જોર કમી થાય છે, ને જુલમી માણુસ પણ *ઓશીઆળો થઈ જાય છે. જેમનું સારૂં મત મેળવવા જોગ હોય, તેમના તરફથી સારૂં મત (આપણા વિષે) આપણને સહનશીલતાથી પ્રાપ્ત થશે. સહનશીલતામાં ગમ ખાવાનો અથવા સાંખી રહેવાનો અર્થ આવે છે અને એ ગુણવડે આવા લાભ થાયછે.

પ્ર. સબુરીને કેટલાક ઉતરતી જાતનો સદ્‌ગુણ કેમ ગણે છે વારૂ?

ઉ. કેમકે આપણી પ્રકૃતિમાં જે ગર્વિષ્ટ [૧] વૃત્તિઓ રહેલી છે તેમની પંક્તિમાં તે બરાબર આવી શકતી નથી. કદાશ એ ધૈર્ય કરતાં પણ મંદ, અને બીજા ઘણા ગુણ કરતાં ઓછો પ્રતાપી હશે, તોપણ તે સૌથી વધારે ઉપયોગી સદ્‌ગુણ છે એમ સમજવું.

પ્ર. ધૈર્યમાંને એમાં શો તફાવત?

ઉ. ધૈર્યને કેટલેક દરજ્જે સાર્વજનિક સદ્‌ગુણ ગણી શકાય, અને તેનો ઉપયોગ મોટે મોટે પ્રસંગેજ થાય છે. સ-

---

૪ જેમનાથી સહન થતું નથી તે ચિંતામાં રહે છે, અને ચિંતાવડે શરીર ખરાબ થાય છે.

* ખશીઆળો અથવા ભોંઠો પડે છે. ૧. હિમત, શૌર્ય, દરબાભિમાન વગેરે. એવા ગુણને ચપળ ગુણ પણ કહે છે. સહન શીલતા જેવા ગુણને મંદગુણ કહે છે કેમકે તેમાં કાંઈ કરવા કરતાં ખમવાનું છે.

હનશીલતાને ધરસંસારી સદ્ગુણ કહી શકીએ, અને તેનો ખપ ઘડીએ ઘડીએ પડે છે. કેટલાકમાં [2]ધૈર્યનો ગુણ સર્વોત્તમ છતાં પણ તેમનામાં સહનશીલતાનો ગુણ ઘણો કમી હોય એમ બને છે. સૌથી શ્રેષ્ટ તેજ કે જેનું મન સદા સર્વદા શાંત અને સ્વચ્છ રહે છે.

પાઠ ૧૦ મો.

[1]સમતા.

પ્ર. સમતા કોને કહીએ?

ઉ. મનની નિરાશા અને મનની તૃષ્ણા એ બંનેથી જે અલગ છે તે.

પ્ર. એને ધર્મ શા માટે ગણવો?

ઉ. કારણ કે એ વગર હદપાર ઘસડાઈ જવાની મોટી ધાસ્તી રહે છે. એ વગર પોતાને દોષ દેવાની, સંસારમાં નિષ્ફળતા મેળવવાની, ને ગુના કરવાની પણ ધાસ્તી રહેછે.

પ્ર. સમતા શામાં રહેલી છે?

ઉ. જેમ અસુખ ને અણચિંતવ્યાં દુઃખની સ્થિતિને માટે સહનશીલતા છે તેમ સુખસાતાની સ્થિતિને માટે સમતા છે. આપણી ઇચ્છા વાંછના, આપણાં આચરણ, આપણા મોજશોખ, અને આપણા મનોવિકારને બરાબર હદમાં રાખવાની અંદર સમતાનો ઉપયોગ છે.

પ્ર. આ કર્તવ્ય કારણ પુર્વક છે એમ સાબીત કરો?

ઉ. કોઈપણ ક્રિયાનો પહેલો અંકુર[2] આપણી ઇચ્છા-

---

૨ રણસંગ્રામમાં ને તેને માટે પ્રસંગે સંકટથી નહિ ડરતાં હમત રાખોરાકે એવો માણસ પણ વખતે પોતાના કુટુંબમાં સહેજસાજ બનતી ખટપટ પણ સાંખી ન શકે.

૧. એના અર્થ માટે પહેલા પાઠની ટીકા જુઓ. ૨ ફણગો. કોઇ પણ કામ કરતા અગાઉ તે કરવાની ઇચ્છા

ઓને ચાહનાઓ છે, માટે તેઓ જો ખરાપણાની ને **સદ્**ગુણની હદ ઉલંઘન કરે, તો આપણે અંતે નિરાશ થવું પડે; એટલુંજ નહીં પણ આપણે પાપ પણ કરવું પડે. જો આપણાં આચરણમાં આપણે હદથી બહાર જઇએ, તો આપણી તંદુરસ્તી તથા મુખ્ય કરીને આપણા સદ્ગુણનો ભંગ થાય; કેમકે હદથી બહાર જવા જતાં આપણું અંતઃકરણ કે આપણો ધર્મ (શાસ્ત્ર) કબૂલ ન કરે એવે રસ્તે ચાલવાની આપણને લાલચ થાય છે.

પ્ર. આપણા મોજ શોખને અને મનોવિકારને તે કેવી અસર કરે છે?

ઉ. મોજશોખમાં ને મનોવિકારમાં હદપાર ડુબવાથી આનંદ, આરોગ્યતા, ને નિરપરાધીપણાનો નાશ થાય છે. કૃપાળુ ઈશ્વરે જે કંઇ આપેલું છે તેનો ઉપયોગ ડાહ્યા ને સારા માણસ ઉપકાર સાથે કરશે; તે ઇંદ્રિય સુખના દાસ ન થવાની સંભાળ રાખશે; અને સલામતીને સુખરૂપ એવો જે સમતાનો ગુણ તેને તજીન દેવાને તેઓ સાવચેત રહેશે.

પાઠ ૧૧ મો.

[૧]વ્યવસ્થા.

પ્ર. વ્યવસ્થા એટલે શું?

ઉ. આપણા સઘળા ધંધા રોજગારમાં નિયમિત ગોઠવણ. એ વડે હરેક કામને યોગ્ય સ્થળ[૨] અને પુરતો વ-

---

આપણા મનમાં પ્રથમ થાય છે; માટે જો મનમાં ખરાબ ઇચ્છાનો કણગો ફુટવા દીધો, તો પછી ખરાબ કામ કરવાની લાલચ થયા વગર રહેતી નથી.

†જેથી વિઘ્ન ન આવી પડે એવો. ૧ ગોઠવણ. ૨ હરેક કામ ક્યારે ને ક્યાં કરવું એની જો બરાબર ગોઠવણ કરી રાખી હોય તો તે કામ સારીરીતે ને નિયમપુર્વક થાયછે.

ખત આપી શકાય છે.

પ્ર. એને ધર્મ ગણવાનું શું કારણ?

ઉ. કારણ એ કે ગોઠવણ વગર જીંદગીની કોઇ પણ સ્થિતિને આપણે જોઇએ તેવી ઉપયોગી કરી શકતા નથી. વ્યવસ્થા વગર ગડબડાટ થઇ રહે છે. જ્યાં બહારની પણ ગડબડ છે ત્યાં મન પણ શાંત ને ગુંચવણ વગરનું રહેવું મુશ્કેલ છે. એવે વખતે મન જે કંઇ કરવા ધારશે તે ફતેહમંદીથી પાર પડવું અશકય છે.

પ્ર. વ્યવસ્થાની સામે કોઇવાર વાંધો લેવામાં આવે છે તે કયો?

ઉ. એવું કહેવામાં આવે છે કે વ્યવસ્થા કંઇ ઉંચી અક્કલ બતાવતી નથી; પરંતુ તે મનનું હલકાપણું બતાવેછે.

પ્ર. આ વાંધો ખરો છે?

ઉ. ના. હરેક બાબતમાં જેઓ *દીર્ઘ બુદ્ધિના થઇ ગયા છે તેઓએ આ ગુણ બરાબર પાળેલો માલમ પડેછે.

પ્ર. આ વાતને ટેકો મળે એવું કાંઇ દ્રષ્ટાંત આપી શકશો?

ઉ. હા. એક પ્રખ્યાત રાજકારભારીને કોઇએ પૂછયું કે તમે આટલું બધું કામ શી રીતે કરી શકો છો? તેણે જવાબ દીધો, "કોઇ પણ કામ એકદમ કે તેનો વખત આ-

---

*અંગ્રેજ લોકો ઘણું કામ કરી શકે છે તેનું એક કારણ વ્યવસ્થા છે. બહુ કામ કરનારા આવતી કાલ શું શું કામ કયારે કરવું તેનું વખત પત્રક સુતી વખતે બનાવી રાખે છે, અને તે વખત પત્રક પ્રમાણેજ બીજે દહાડે કામ કરે છે. વચ્ચે કોઇ મળવા આવે તો તેની વખતે મુલાકાત પણ લેતા નથી. નિયમબંધી કામ કરવાથી ઘણું કરી શકાય છે ને ફુરસદ પણ મળી શકે છે. એવા લોકનાં કામ ચઢી જતાં નથી, ને તેમનું મન ગુંચવારામાં પડતું નથી.

બ્યા વગર ન કરવાનો મેં ઠરાવ કરેલો છે તેથી હું બધું કરી શકું છુ. ”

પ્ર. વ્યવસ્થાથી શા શા ફાયદા થાય છે?

ઉ. સૌથી કીમતી એવા જે વખત તેનો એથી ઘણો બચાવ થાય છે. ઘણાં કામ માથે લેવાની અને તે પૂરાં કરવાની એથી વધારે શકિત આવે છે. એથી મન દૃઢ ને ગુચવણ વગરનું રહેછે, સ્વભાવ શાંત ને સ્થિર રહેછે, સંસારી આબાદી વધેછે, અને જ્ઞાન* મેળવવામાં વિશેષમદત મળેછે.

પાઠ ૧૨ મો.

સ્વપરીક્ષા.

પ્ર. સ્વપરીક્ષા એટલે શું?

ઉ. આપણાં મત, આપણી કરણીનાં કારણ, અને આપણી ચાલચલકત એ વિષે ખરેખરી ને તરફદારી રાખ્યાં વગર તજવીજ કરવી તે.

પ્ર. આ ફરજ તમે શી રીતે બજાવશો?

ઉ. વિશેષે કરીને અમારા સ્વભાવમાં જે જે ખામીઓ હશે તે સંબંધી રાતને સમે કે એકાંતમાં અમે અમારા પંડને સવાલ કરી જોઇશું. વળી જે સ્વભાવિક કે પ્રસંગી૧

---

* ઘણા વિદ્યાર્થી કહે છે કે શિક્ષક પાઠ બહુ આપે છે તે કરવાનો વખત અમને બિલકુલ મળતો નથી, પણ તેઓ જો અમુક વખતે અમુક કામ કરવાનું નકી કરે અને તે પ્રમાણે કામ કરે તો જોઇએ તે કરતાં વધારે વખત તેમને જરૂર મળશે. આ રીતે કામ કરવાની શિક્ષકે વિદ્યાર્થીને ટેવ પાડવી જોઇએ.

૧ કોઇ પ્રસંગ અથવા સમયને અનુસરતી; જેમ આપણને જુગાર રમવાની બિલકુલ ટેવ ન હોય, પણ કોઇ વખતે જુગારી મિત્રોની ટોળીમાં ફસાયા ને તેઓ રમવાનો અતિ આગ્રહ કરે એવે વખતે દૃઢ મનના માણસ હોય

મોહજાળ અમને લાગવાની હશે તે વિષે પણ અમે અમારા મનને પ્રશ્ન કરીશું. એમ કરવાથી અમારો સ્વભાવ સુધરશે, અને મોહજાળમાં ફસતાં અમે બચી શકીશું.

પ્ર. સ્વપરીક્ષાથી શા શા ફાયદા થાય?

ઉ. સઘળા જ્ઞાનમાં જે સૌથી અગત્યનું પોતા વિષેનું[1] જ્ઞાન તે એથી મળે છે. ખરું પુછાવો તો એનાં ફળ એવાં લાભકારક છે કે એથી આપણી સઘળી ખામીઓ તજાય છે, અને આપણે વધારે સારા ને ડાહ્યા થઈએ છીએ.

પ્ર. આત્મજ્ઞાન અથવા પોતાને ઓળખવાથી શા લાભ થાય છે તે બતાવો?

ઉ. પોતાની ખોડ ખાંપણોથી જે માણસ માહિતગાર છે તે જો તેમને સુધારવાને કે તજવાને યત્ન કરે તો તેને પોતાને પોતાની મૂર્ખાઈ અને નબળાઈ માલમ પડેજ. જે પોતાને ખરેખરો ઓળખે છે તેને બીજાઓની સારી નરસી હાલતને માટે લાગે છે. બીજા વિષે મત બાંધવામાં તે વધારે અદલપણું રાખે છે, અને પોતાના જાતિભાઈની[2] ખોડ ખાંપણ વધારે ઉદારતાથી દરગુજર કરે છે.

પાઠ ૧૩ મો.

સ્વસુધારો.

પ્ર. સ્વસુધારો એટલે શું?

ઉ. સર્વ શક્તિમાન ઈશ્વરે જે[3] મનની અને તનની શક્તિઓ

તેજ પોતાના હરેક રીતે બચાવ કરી શકે છે. ૧ આત્મ જ્ઞાન. નરસઈ મેહેતાએ કહ્યું છે કે "જ્યાં લગી આત્મા તત્વ ચિન્હ્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જુઠી". પોતાના ગુણ દોષની કે પોતામાં જે હીર હોય તેની કાંટાકસ પરીક્ષા તો વિરલા પુરૂષજ કરી શકે છે; અને જે કરી શકે છે તે સત્પુરૂષ નીવડે છે. ૨ મનુષ્ય જાત-સઘળાં માણસ,

૩ સ્મરણ શક્તિ, તર્ક શક્તિ વગેરે. મેહેનત અને

જન્મથી આપણને બક્ષેલી છે તેને વધારવી કે પૂર્ણ કરવી તે.

પ્ર. આ ધર્મ બજાવવાનું આપણા મનમાં ઉતરે તેને માટે કારણ કીયાં કીયાં છે?

ઉ. એક તો એકે તન મનની શકિતઓને સુધારવાનું ને તેમનો રૂડો ઉપયોગ કરવાનું આપણને પરમેશ્વરે સોંપેલું છે; માટે તેનો હિસાબ આપણે પરમેશ્વરને ત્યાં આપવો પડશે એ નક્કી છે. બીજું એકે જાતી મેહેનત વગર એમાંની કોઇ પણ શકિત પરિપૂર્ણ થતી નથી.

પ્ર. કોઇ ભણી ગણીને વધારે હુશિયાર થાય છે, અને કોઇ થોડાં હુશિયાર થાય છે, તેનું શું કારણ હશે?

ઉ. તેનું કારણ તેમની બુદ્ધિ કરતાં તેમની વધારે ઓછી મેહેનત અને [1] આગ્રહ છે; કેમકે શરીર શકિતઓની પેઠે મન શકિતઓ પણ કસરતથી વધતી જાય છે, અને મહાવરાથી તેમાં નવા ગુણ અને કૌવત પણ આવતાં જાય છે.

પ્ર. આ ધર્મની અવગણના કરવી તે શા માટે વખોડવા લાયક છે?

ઉ. શા માટે જે એવું કીધાથી [2] ઇશ્વરદત્ત બક્ષિસો તરફ આપણે ધિક્કાર કદિ નહિ તો નહિ પણ બેદરકારપણું રાખીએ છીએ એવો ભાવ તેમાંથી સમજાય છે. વળી આપણે ગમે તેવી સ્થિતિમાં હોઇએ, તોપણ એવું કીધાથી આપણે હલકા પડીએ

મહાવરાથી એ શકિતઓ ખીલે છે. અષ્ટાવિધાની ઘણું યાદ રાખી શકે છે તે મહાવરાને લીધે. અભણ કરતાં ભણેલા વધારે વિચારવાન હોય છે, કેમકે તેમની તર્ક શકિત ભણવાથી કસાઇને વધી હોય છે. ૧ મચ્યા રહેવું, મહાવરો કર્યા કરવો. શાસ્ત્રીઓ રોજ પારાયણ કરી જાય છે, ત્યારે હજારો શ્લોક તેમને કંઠે રહે છે. ૨ ઇશ્વરે આપેલી. બીજરૂપે સર્વ શકિતઓ ઇશ્વરે માણસ માત્રમાં મૂકેલી હોય છે, તેમને ઉછેરી મોટી કરવી એ આપણું કામ છે.

છીએ, આપણાં કર્ત્તવ્ય કરવાને અયોગ્ય થઇએ છીએ, અને જનમંડળને આપણે ઘણું કરીને નકામા થઇ પડીએ છીએ.

પ્ર. આ ધર્મની અવગણનાથી વિશેષ કરીને બાળકો કીયા દોષમાં પડે છે?

ઉ. તે દોષ એ છે જે, માબાપે સારી રીતે પોષણ કરી આપણા શરીરને શક્તિ આપી તથા ભણાવી મનને કૌવત આપ્યું તે એવી ઉમેદ ને આશાથી કે આપણે તેમાં પણ વધારો કરીને આપણું, માબાપનું, તથા લોકોનું ભલું કરીએ. તે કામ જ્યારે આપણાથી ન થાય ત્યારે માબાપે કષ્ટ વેઠી આપેલું શક્તિરૂપી ધન ધૂળમાં નાખ્યા જેવું થાયછે.

પ્ર. સ્વસુધારો ક્યાં ક્યાં સાધનથી વધારી શકાય?

ઉ. ભણીને ઘણું ખરૂં *ઉપયોગી જ્ઞાન મેળવવાથી, સદાચરણી ને ડાહ્યા માણસની [1]સોબતથી, બારિક રીતના [2]અવલોકનથી, સદ્ગુણી ને જ્ઞાન આપે એવી [3]વાત-ચીત

* ભણીને ધંધે લાગ્યા પછી ભણેલું પણ છોકરાં વિસારી દેછે. ચોપડી સામું કોઇ દહાડો જોતાં પણ નથી. ત્યારે માબાપે ખરચેલા પૈસા અને પોતે લીધેલી મહેનત સૌ પાણીમાંજ ગયાં કેની!· ભણવાથી વધારે જ્ઞાન મેળવવાનાં સાધન હાથ લાગે છે, માટે તેનો ઉપયોગ કરી પુસ્તકો વગેરેમાંથી ઉપયોગી જ્ઞાન મેળવવું જોઇએ. ૧ સત્સંગ કરવાની શાસ્ત્રમાં ઘણી ભલામણ કરીછે, કેમકે સત્પુરૂષના સહવાસથી આપણે સુધરીએ છીએ. ૨ ચોપડીઓ કરતાં પણ વિશેષ જ્ઞાન સૃષ્ટિ માંહેલા પદાર્થોને નિહાળવાથી મળેછે. પણ એવા તપાસ કરવાની ટેવ થોડાજ પાડેછે. ૩ આપણા લોકોનો ઘણો વખત ગપ્પો મારવામાં નાતજાતની નિરર્થક વાતો કરવામાં, કે બીજાની કુથલી કરવામાં જાયછે; એથી આપણને કાંઇ લાભ થતો નથી. એના કરતાં કાંઇ જ્ઞાનની કે ઉપયોગી વાતો કરીએ તો કેવું સારૂં? વાદ વિવાદ કરવા, ભાષણ કરવાં એ

થી, મહાપુરૂષોનાં સારાં મતોનું મેહેનત લઇ †મનન કરવા થી, અને સ્વપરીક્ષા કરવાની ટેવ પાડવાથી.

પાઠ ૧૪ મો.

¹જીતેંદ્રિયપણું.

પ્ર. જીતેંદ્રિયપણું શાને કહે છે?

ઉ. વિચાર શકિત અને ધર્મશાસ્ત્રે બાંધેલી હદ તોડી મનોવિકાર અને ઇંદ્રિયભોગની વાસના જ્યારે આગળ ધપવાનું કરે છે, ત્યારે તેમને આગળ વધવા ન દેતાં લગામમાં રાખવાની જે સત્તા તેનું નામ જીતેંદ્રિયપણું..

પ્ર. આ ધર્મ બજાવવાનાં પ્રયોજન² શાં શાં?

ઉ. જે ભયમાં આપણે આવી પડવાના તેની ખાતરી, બદ કર્મ તરફ આપણું વલણ હોય તેનું જ્ઞાન, અને આપણા ઉપર જે અનેક મોહજાળ પથરાયછે તેનું જાણપણું, એ ત્રણછે.

પ્ર. આ ધર્મની ક્યાં જરૂર છે?

ઉ. ઇંદ્રિયભોગની વાસના, બીજાઓ તરફના વખાણની મોટી ઇચ્છા, તામસી કે વેર લેવાની લાગણી, અને અદેખો કે લોભી સ્વભાવ, એ સર્વેને લગામમાં રાખવાની અંદર એની જરૂર છે.

પ્ર. જેને ખૂબ વશ રાખવો જોઇએ એવો કયો અવયવ આપણા શરીરમાં છે?

પણ વાતચીતના પેટામાં આવી જાય છે. મેહેતાજીઓ સભા સ્થાપી વિદ્યાર્થીને સારૂ બોલતાં ને ભાષણ કરતાં શીખવે તો તેથી ઘણો લાભ થાય. † મોટા મોટા રૂષિયો ને વિદ્વાનો જેજે મત આપી ગયાછે તેતે મત વિષે વિચાર કરી સારાં નરસાં શોધી કાઢવાં ને સારાંનું ગ્રહણ કરવું. એમ કરવાથી ઘણો લાભ થશે. ૧ ઇંદ્રિઓને જીતવાપણું. જે ઇંદ્રિઓને વશ રાખી શકે તેજ મનનું ધાર્યું પાર પાડી સુખી થાયછે. ૨ કારણ કે સાધન.

ઉ. જીભ; કારણ કે એ સૌથી વધારે નિરંકુશ છે.

પ્ર. જીભને સખત લગામની શા માટે જરૂર છે?

ઉ. જીભને અયોગ્ય રીતે કે બેદરકારપણે વાપરવાથી અગણિત નુકશાન થાય છે એ માટે.

પ્ર. એ નુકશાન ગણાવો જોઇએ?

ઉ, હરેક દુષ્ટતા જાહર કરનાર એ છે, માણસની આબરૂનો નાશ કરનાર એ છે, અનેક કુટુંબ કબીલાનો સલાહ સંપ દૂર કરી કલહ કરાવનાર એછે. બીજા કોઇપણ હથિઆરનો ઘા રૂઝાય, પણ જીભથી પડેલો રૂઝાય નહીં. હરેક પ્રકારની ઇજા દૂર થાય, પણ આ હાડકા વગરના નુકશાનકારક સાધનથી થએલી ઇજા દૂર થતી નથી.

પ્ર. બહુ બોલા સ્વભાવને હદમાં રાખવાના સારા ઉપાય કયા?

ઉ. બોલતા પેહેલાં વિચાર કરવો; ને આપણા જાતિભાઇઓને ઇજા કરવાને નહીં. પણ પરમેસ્વરની કીર્તી ગાવાને જીભ આપેલી છે એ યાદ રાખવું.

પ્ર. જીતેંદ્રિયપણું એ અગત્યનો ગુણ છે?

ઉ, અગત્યનો છે એમાં શક નથી. એ વગર શ્રેષ્ટ થવાની આશા ધૂળ મળે છે, અને અધમ પ્રકારનાં કુકર્મ કરાય છે. જે કોઇ આ ધર્મ આચરવામાં કાચો હોય છે તે સદાચરણી કદી થનાર નથી, જનમંડળમાં તે કીમતી માણસ થવાનો નહી, અને તેના કુટુંબ કબીલામાં પણ તે સુખરૂપ નીવડવાનો નહીં.

પાઠ ૧૫ મો.

મનમારવું (સંયમ).

પ્ર. મન મારવું એટલે શું?

ઉ. આપણાં કર્તવ્યથી વિરૂદ્ધ રીતે મોજશોખ[1] ફાયદો[2] કે આબરૂ[3] મેળવવાનું મન થતું હોય, અને આપણી સ્થિતિ[4] અથવા દરજ્જાનો[5] લાભ આપણા ધર્મથી ઉલટી રીતે લેવાતો હોય તેની મનને ના પાડવી તેનું નામ મન મારવું અથવા સંયમ. જીતેંદ્રિયપણા કરતાં ચઢતી જાતનો આ ગુણ છે

પ્ર. ઉપલા સવાલનો આ પૂરો જવાબ છે કે કેમ?

ઉ. ના. નિરપરાધી ઇંદ્રિયભોગની[6] વાસના, અને નીતિમાન[7] મોજશોખને પણ તજવાનું આ ગુણ શીખવે છે, કેમકે એમ કરવાથી આપણે આપણા ઉપર પૂર્ણ અખત્યાર મેળવીએ છીએ.

પ્ર. જીતેંદ્રિયપણું અને સંયમ એમાં શો તફાવત છે?

ઉ. પાપમાં નાખે એવા મનોવિકાર અને ઇંદ્રિયભોગની વાસનાને લગામમાં રાખવાનું જે કામ તે જીતેંદ્રિયપણું; પરંતુ આપણો સુધારો થતો હોય કે આપણી ફરજ[8] બજા-

---

૧ કેફ વગેરે વ્યસન કર્તવ્ય વિરૂદ્ધ ગણાય. ૨ કોઇની થાપણ ઓળવવી, ચોરી લબાડી કરીને ધનમેળવવું એ પણ કર્તવ્ય વિરૂદ્ધ છે. ૩ કોઇના પુસ્તકમાંથી ચોરી કરી ગ્રંથ કર્તાની આબરૂ મેળવવી, પ્રપંચ કરી મોટાઇ મેળવવી એ અકર્તવ્ય કહેવાય. ૪ કોઇ અધિકારી સાથે આપણે બેસતી હોય તે સ્થિતિનો લાભ લઇ આપણે લોકના પૈસા ખાઇ જઇએ કે અધિકારી પાસે અન્યાય કરાવીએ તે. ૫ આપણેજ અધિકારી હોઇએને અધિકારનો લાભ લઇ લાંચ ખાઇએ કે વેઠ કરાવીએ તે.

૬ શરીરે અત્તર ચોળીએ, કીમતી કપડાં પેહેરીએ, સારૂં સારૂં ખાઇએ વગેરે આપણી પાસે પુષ્કળ પૈસા હોય તો ગુના ભરેલું તો ના કહેવાય, તોપણ તે ઉડાઉપણું તજવું એ સારી વાત છે. ૭ પોતાને હાથે ગાઇએ બજાવીએ, જાફતો ખાઇએ વગેરે નીતિમાન ગમતો છે તે ઉપર પણ અતિ આસક્તી ન રાખવી એનું નામ મન મારવું. ૮ આપણે

જ્ઞાની હોય ત્યારે આપણી નિરપરાધી ને વખાણવા જોગ વાંછનાઓને પણ કબજે રાખવી તે સંયમ.

પ્ર. આ ગુણ સહેલાઇથી મેળવી શકાય એવો છે?

ઉ. ના. જાથુ અનુભવથી, અને કૃપાળુ પરમેસ્વરની સહાયતા સાથે આપણા દૃઢ નિયમની[1] પુષ્કળ મદતથીજ એ ગુણ મેળવાયછે.

પ્ર. આપણી તુચ્છ વાંછના, અને ઇંદ્રિયભોગની વાસનાને કબજે રાખવાની શી જરૂર?

ઉ. તુચ્છ વાંછનાને કબજે રાખવાથી આપણને મન મારવાની ટેવ પડેછે, અને તે વડે આપણી સદ્બુદ્ધિનો આપણે વધારે સારો ઉપયોગ કરી શકીએ છીએ. જે કોઇ તુચ્છ ભોગના[2] ગુલામ થઇ જાય છે, તેનાથી આવી પડતી હરકતો કદી પણ ટાળી શકાતી નથી.

પ્ર. સંયમના ગુણ વગર કોઇને ચાલે ખરૂં?

ઉ. ના. કાં ગરીબ કે તાલેવર, કાં રાજા કે રંક, કાં બાળક, જવાન, કે ઘરડું, સૌને ધર્મ પાળવાની જરૂર છે; કેમકે આ જગતમાં જે કાંઇ ઇચ્છવા યોગ્ય છે, તે મેળવવાનો આધાર એના ઉપર છે, અને પરલોકમાં જે અખંડ

જમતા કે બાજી રમતા હોઇએ તે વખત ગામમાં લાય થાય તો તે પડતું મૂકીને પણ મદતે જવાની આપણી ફરજ છે. એજ રીતે આપણે રોજ આઠ કલાક ઊંઘતા હોઇએ પણ પોતાના સુધારા માટે ઘણો અભ્યાસ કરવાની જરૂર હોય તો આપણી ઊંઘ ઓછી કરવી જોઇએ. જેની ટેવ પડી હોયછે તે દૂર કરવી એ બહુ મુસ્કલ કામ છે ? જો દૃઢમનથી તોડવાનો નિયમ રાખે અને તે નિયમને દૃઢતાથી વળગી રહે, તોજ તે દૂર થાયછે. પાનસોપારી ખાવાની ટેવ પડી હોય તે પણ એકાએક તજી શકાતી નથી, તો બીજી ટેવો એકદમ શી રીતે દૂર કરી શકાય?

૨ બાજી રમવાના ચડસમાં શ્રેલુગરે અમદાવાદ ખોયું હતું.

સુખ મળવાનું વે એનુંજ ફળ સમજવું.

પાઠ ૧૬ મો.

લૌકિક ધર્મ.

પવિત્ર અથવા ઇશ્વર પ્રત્યે ધર્મ.

પ્ર. લૌકિક ધર્મના કેટલા ભાગ પડે?

ઉ. ત્રણ. ૧ પવિત્ર અથવા ઇશ્વર પ્રત્યે ધર્મ; ૨ કુટુંબ ધર્મ, એટલે આપણાં સગાંવહાલાં પ્રત્યેના ધર્મ; ૩ જાહેર અથવા સાર્વજનિક, એટલે મનુષ્ય માત્ર પ્રત્યેના આપણા ધર્મ.

પ્ર. પરમેશ્વર પ્રત્યે આપણો પ્રથમ ધર્મ કયો?

ઉ. જગતની નીતિનો નિયંતા[1], અને સર્વ બનાવની વ્યવસ્થા કરનાર એક ઇશ્વર છે એવું જે માનવું તે.

પ્ર. આમ માનવાથી પરમેશ્વર પ્રત્યે આપણા બીજા કયા ધર્મ સ્વભાવિક રીતે ઉત્પન્ન થાય છે?

ઉ. જો આપણે પરમેશ્વરને જગતનો કર્ત્તા ને નિયંતા માનીએ તો આપણે જરૂર કરીને તેનો ભય રાખવો, તેનાપર ભાવ રાખવો, તેની શ્રધ્ધા અથવા આસ્થા રાખવી, તેને શરણે રહેવું, તેની ભકિત કરવી, અને તેની આજ્ઞા માનવી.

પ્ર. આઉપર ગણાવેલા ઇશ્વર સંબંધી ધર્મો આપણે અવશ્ય પાળવાજોઇએ એવો ઇશ્વરનો જે હક છે તે શાથીસમજવો?

ઉ. બનાવેલી[2] વસ્તુ ઉપર બનાવનારનો હક છેજ. આપણને ઇશ્વરે બનાવ્યા છે. માટે બનાવેલા પ્રાણી તરીકે તેના કાયદા પાળવાને તથા તેની મરજી પ્રમાણે વર્તવાને આપણે બંધાએલા છીએ.

પ્ર. આપણે પરમેશ્વર ઉપર ભાવ શામાટે રાખવો જોઇએ?

---

૧ નિયમમાં રાખનાર-સત્તા ચલાવનાર. ૨ સુતાર લાકડાનાં રમકડાં બનાવે તેના ઉપર સુતારનો સઘળી રીતે દાવો છે, તેમ આપણા ઉપર આપણને બનાવનાર ઇશ્વરનો હક છે.

ઉ. તેણે આપણને સરજ્યા, અને જીંદગી આપી, એટલુંજ નહીં પણ આપણા સુખ તથા મોજ શોખ માટે સઘળી જરૂરની વસ્તુઓ તેણે જગતમાં ભરી રાખી છે માટે. વળી આપણને દિન પ્રતિ દિન ઉછેરનાર પણ એ છે. આપણી પાસે જે કંઇ છે, અને જે કંઇ આપણે આ ભવને માટે કે આવતા ભવને માટે ઇચ્છીએ તે સૌ એની કૃપા ઉપર આધાર રાખે છે:-

પ્ર. પ્રભુનો ભય શા માટે રાખવો?

ઉ. એટલા માટે કે તે સર્વ શકિતમાન છે. પોતે એવો સારો, ન્યાયી અને પવિત્ર છે કે આપણાં કર્મની યોગ્યતા પ્રમાણે આપણને તે સજા કર્યા વગર રહેવાનો નહીંજ.

પ્ર. પ્રભુની ભકિત શા માટે કરવી?

ઉ. ઇશ્વર ભજનથી આપણું મન નિર્મળ થાય છે, સુમતિ સુઝે છે, પાપ કર્મથી વેગળાં રહેવાય છે, અને ઇશ્વર તેથી રાજી થાયછે, માટે દરરોજ તેની ભકિત કરવાનો સર્વે મનુષ્યે નિયમ બાંધવો જોઇએ.

પાઠ ૧૭ મો.

શિષ્યધર્મ.

પ્ર. *ગુરૂ પ્રત્યે આપણો ધર્મ કયો?

ઉ. તેમના હુકમને માન આપવું, તેમની સલાહ શીખામણ ઉપર ધ્યાન આપવું, તેમનું માન સન્માન રાખવું, અને તેમનાપર હેત રાખવું.

પ્ર. ગુરૂ તરફ આપણે આવી વર્તણુક રાખવીજ જોઇએ એમ શા માટે?

ઉ. કેમકે તેઓ એક રીતે આપણાં માબાપ તુલ્ય છે, માટે આપણા ઉપર એવી વર્તણુક રખાવવાનો તેમનો હક છે એમ સમજવું.

* મેહેતાજી—શિક્ષક.

પ્ર. ત્યારે આપણે તેમની સાથે કેવી રીતે વર્તવું જોઈએ?

ઉ. જ્યાં સુધી આપણે તેમના હાથ તળે રહીએ ત્યાં સુધી આપણા ખરેખરા માબાપ હોય એવી રીતે તેમને ગણવા.

પ્ર. આપણે તેમનું સનમાન રાખીએ છીએ તે શાથી જણાય?

ઉ. તેમના ઉપદેશ ઉપર ધ્યાન આપવાથી, તેમની સાથે અદબથી બોલવાથી અને તેમના વિષે વાતચિતપણ માનપૂર્વક કરવાથી. આપણે માટે તેમણે લીધેલી સંભાળ, ને ફિકરના બદલામાં આપણાથી બને તેટલી તેમની સેવા કરવી, અને આપણા હેતસ્વી તથા ભલું કરનારા તે છે, એવું આપણા મનમાં હમેશાં રાખી તેમને સંભાર્યા કરવા.

પ્ર. ગુરૂની આજ્ઞા ન માન્યાથી શું થાય?

ઉ. તેઓ રીસે ભરાય ને આપણને ચહાય નહિ. મરજીમાં આવે તેમ વર્તવાથી આપણે સારૂં શીખીએ નહિ ને સુબોધ પામીએ નહિ. ઉદ્ધત થવાની નાનપણમાં ટેવ પડવાથી ને સારૂં ન શીખવાથી મોટપણે આપણને ઘણું નુકશાન થાય.

પાઠ ૧૮ મો.

કુટુંબ ધર્મ.

પુત્રધર્મ.

પ્ર. પુત્ર તરીકે આપણો મુખ્ય ધર્મ કયો?

ઉ. માબાપ ઉપર હેત રાખવું, તેમને માન આપવું; અને તેમની આજ્ઞા માનવી.

પ્ર. એને †આવશ્ય ધર્મ શા માટે કહેવો ?

ઉ. એટલા માટે કે આપણી હયાતી તેઓ થકી છે. જે ખોરાક આપણે ખાઈએ છીએ, જે કપડાં આપણે પેહેરીએ છીએ, અને જે કેળવણી આપણે લઈએ છીએ

† અગત્યનો—જરૂરનો.

ને સર્વને માટે આપણે તેમના દેણદાર છીએ. તેમની કાળજીથી આપણે નાનપણમાં ઉછર્યા, અને આપણે કમાતા ધમાતા થઈએ ત્યાં સુધી આપણાં ખાનપાનાદિ ચીજોનો આધાર તેમના ઉપર છે.

પ્ર. પુત્રધર્મ શી શી બાબતોથી ઓળખાય?

ઉ. માબાપ ઉપર અતિશે હેત રાખવાથી. તેમના હુકમને બહુ માન આપવાથી, તેમની ચાકરી કરવાથી ને સંભાળ લેવાથી, તેમની ભીડે ભોગ પડવાથી, તેમની સાથે તથા તેમના વિષે માન મરજાદાપુર્વક વાતચિત કરવાથી, તેમના સદ્‌ગુણને અનુસરીને વર્તવાથી, અને તેમના અવગુણ તે ઢાંકવાથી.

પ્ર. આ શિવાય પુત્રધર્મ વિષે કંઈ બીજી બાબતો છે?

ઉ, હા. તેમને જેમ બને તેમ ઓછું પજવવું. તેઓ શીખામણ કે ઠપકો દે તે નરમાશથી તથા ધ્યાન રાખીને માથે ચઢાવવો, અને તેમના કલ્યાણને માટે ખરા મનથી ઇશ્વરની હમેશાં પ્રાર્થના કરવી.

પ્ર. આપણે આ ધર્મથી છૂટા થઈ શકીએ કે નહિ?

ઉ. કદીપણ નહિ. કોઈ છોકરાના કમ નશીબે તેનાં માબાપ ભુંડાં હોય તો તેમના કર્તૂકના દાખલા તેણે સંભાળથી તજવા; તથાપિ હરેક રીતે પોતાની શકિત પ્રમાણે પોતાનો ધર્મ બજાવવા ચુકવું નહિ.

પ્ર. શું પાકી ઉમરના થયા પછી પણ આપણે આ ધર્મથી નિરદોષપણે છૂટા થઈ ન શકીએ?

ઉ. ના. આપણી મેળે કામ કરવાને અને વિચાર કરવાને લાયક થયા હોઈએ, તોપણ આપણા માબાપના અનુમતને માન આપવા આપણે બંધાએલા છીએ. જરૂરને પ્રસંગે હમેશાં તેમની સલાહ લેવી, અને આપણાં આચરણ તેમને ગમે એજ આ સંસારમાં સૌથી સારૂં ફળ મળ્યું એમ માનવું.

પ્ર. આ ધર્મની અવગણના શા માટે નીચ ગણાય?

ઉ. કેમકે તે સૃષ્ટીના હરેક નિયમની વિરૂદ્ધ છે. એમ કરવાથી આપણે ઘણાજ કૃતઘ્ન થઈએ છીએ. જનાવર સરખાં પણ તેના માબાપના કહ્યામાં રહેછે, ને તેમના ઉપર માયા રાખેછે. એમાટે જે આ ધર્મ બજાવતા નથી તે જંગલમાંના પશુ ને હવામાંના પક્ષી કરતાં પણ હલકી જાતનો ઠરે છે.

પ્ર. લૌકિક ધર્મમાં આને સૌથી મુખ્ય શા માટે ગણ્યો?

ઉ. કેમકે બીજા કોઈના ઉપકાર તળે આવી શકીએ તે અગાઉ આપણા ઉપર આપણા માબાપનો ઉપકાર થાય છે. અને તેમના ઉપકાર સઘળાના કરતાં ચઢતી જાતના હોયછે.

પ્ર. આ ધર્મ બજાવવાથી શા ફાયદા થાય?

ઉ. કહ્યાગરો છોકરો સઘળે ઠેકાણે માન પામ્યા વગર રહેતો નથી. તથા તેનું પોતાનું અંતઃકરણ તેની એવી ચાલ પસંદ કરે છે.

પ્ર. આ ધર્મ બજાવનાર છોકરાની ચાલ વિષે બીજાને કેવી આશા બંધાય છે?

ઉ. જેણે આ મોટો લૌકિક ધર્મ બજાવ્યો છે, તે બીજા સગાં સંબંધીઓ સાથે પણ સારી વર્તણુક રાખશે એમ નક્કી થાય છે. એવું ક્વચિતજ બને છે કે પુત્રધર્મ નહિ પાળનાર છોકરો ભલો માણસ નીવડે; તેમજ પુત્રધર્મ પાળનાર છોકરો ભુંડો માણસ નીવડે એવું તો જવલ્લેજ બને.

પ્ર. આપણા માબાપના કર રહે ત્યારે આપણે તેમન સાથે કેવી વર્તણુક ચલાવવી?

ઉ. જેટલો બને તેટલો પૈસો તેમને માટે ખરચ કરવો અથવા જરૂર પડે તો જાતી મેહેનતવડે તેમને મદદ કરવી; તેમની ચાકરીને માટે ખરા ભાવથી તેમની સેવામાં હાજર રહેવું. મંદવાડ વખતે દિલાસો દેઈ તેઓ શાંતિમાં રહે તેમ

કરવું, અને તેમના દુઃખમાં ભાગીઆ થવું. તેઓ સુખ સાતામાં રહે તેમ કરવામાં કોઇ પણ કામ નીચું કે મહાભારત ગણવું નહિ.

પ્ર. છોકરે પુત્રધર્મી થવું જોઇએજ તેને માટે કંઇ બીજું કારણ તમે આપી શકો છો?

ઉ. પુત્ર કપુત ઉઠયાથી માબાપને જે દુઃખ થાય છે તે સપુત ઉઠવાથી તેમને ન થાય, માટે તેણે પુત્રધર્મી એટલે સપુત થવું જોઇએ. કૃતઘ્ની અને દુષ્ટ છોકરાથી જેવું દુઃખ ને વિટંબણા માબાપને થાયછે તેવું બીજા કશાથી થતું નથી. બીજી હરેક આપત્તિ માણસ ખમી શકેછે, પરંતુ છોકરાં નઠારાં ઉઠે તો ઘડપણમાં મહા દુઃખ પામીને તે મરણ પામેછે.

પ્ર. માબાપને આપણે માન આપીએ છીએ એવું શાથી સાબીત થાય?

ઉ. જે કૃત્યથી તેઓ દલગીર થાય અને જેથી તેમની આબરૂને ડાઘ લાગે તેવાં કામ હરગીશ* ન કરવાથી.

પ્ર. આ ધર્મ તોડવાથી માઠાં ફળ શાં નીપજે?

ઉ. ઇશ્વર રૂઠે, મનુષ્ય જાતને આપણું મોં જોવું ગમે નહિ, આપણું અંતઃકરણ આપણને ફોલ્યા કરે, અને મુઆ પછી સજા થશે એવો ભય નિરંતર રહે.

પાઠ ૧૯ મો.

ભાંડુધર્મ.

પ્ર. ભાંડુ પ્રેમ એટલે શું?

ઉ. ભાઇ બેન વચે જે હેત પ્રીત રહેવાં જોઇએ તે.

પ્ર. ભાંડુ પ્રેમને ધર્મ શા માટે ગણવો?

ઉ. એટલા માટે કે સઘળાં ભાંડુ એક કુટુંબનાં માણ-

* કદીપણ-ગમે તેમ થાય તોપણ.

સ હોવાથી આખા કુટુંબની સુખસાતાનો આધાર એક બીજાના પરસ્પર હેત વહાલ ઉપર રહેલો છે.

પ્ર. કયાં કારણોને લીધે આ ધર્મની વૃદ્ધિ કરતા રહેવી?

ઉ. ૧ લું, ભાઇભાંડુ વચ્ચે જે નિકટનો[1] સંબંધ છે તે જારી રહેવા માટે; ૨ જું, માબાપ પ્રત્યે તેમણે જે હેત ને માન રાખવાં જોઇએ તેને માટે; ૩ જું, કુસંપથી કુટુંબમાં જે કલહ કંકાસ ને નુકશાન થાયછે તે ન થવા માટે; ૪થું, લડાઇ ટંટાને અણબનાવથી કુટુંબની જે ફજેતી થાય છે તે ન થાય માટે.

પ્ર. આ ધર્મથી શા શા લાભ થાય?

ઉ. કુટુંબમાં સઘળાં વચ્ચે બનાવ ને માયા હોય તો તે વડે હરેક લૌકિક, નીતિનાં, કે ધાર્મિક કર્તવ્ય સારી રીતે કરી શકાય છે. એથી વિશેષે કરીને કુટુંબના સંસારી લાભ વધે છે, ઇસ્વરની કૃપા મળે છે, અને લોકો એ વાત પસંદ કરી આપણને માન આપે છે.

પ્ર. આ ધર્મ પાળવાને માટે આપણે શું કરવું જોઇએ?

ઉ. હરેક બાબતમાં બનતા સુધી ખમવું[2] ને માફ[3] કરવું. આપણીજ મરજી પ્રમાણે થાય, ને આપણનેજ સુખ મળે તે તરફ ન જોતાં સામાને સુખ કરવામાં તત્પર રહેવું.

પ્ર. આપણાં સગાંમાં કંઇ ખોડખાંપણ હોયતો તેનું કેમ?

ઉ. તેમના જે દુર્ગુણો દેખીતા હોય તેને માટે આંખ આડા કાન કરવા; અને જે દુર્ગુણ ગુપ્ત હોય તે ઉઘાડા કરવાથી અલગ રહેવું. તેમની ભૂલને માટે માયાથી ધીમે રહીને અને છાની રીતે (એકાંતમાં) શીખામણ દેવી, અને

---

૧ નજીકનો-અડીનો. ૨ ગમ ખાવી-બીજાથી આપણને અડચણ પડે તે વેઠવી. ૩ બીજાં આપણા વાંકમાં આવે તો માફ કરવું.

આપણા ધર્મ વડે †ફરજ પડે નહીં ત્યાં સુધી તે ભૂલો વિષે વાત પણ કાઢવી નહીં.

પ્ર. આ કરતાં કંઇ વધારે જોઇએ કે નહીં?

ઉ. હા. આપણે એવી ચાલ ન ચલાવવી કે એવા બોલ ન બોલવા, કે એવી સ્થિતિ ન ધારણ કરવી કે જેથી બીજાઓને રીસ ચઢે. હમેશાં ક્ષમા કરવા તૈયાર રહેવું, અને શક્તિ પ્રમાણે ખરા મનથી અને હોંસથી તેમને મદત કરવી. તેમને જે જોઇએ તે પુરૂં પાડવા બને તેટલી મેહેનત લેવી, અને જેથી તેમનું સુખ વધે તે કરવા ચુકવું નહીં.

પ્ર. આ ધર્મ વિષે જે બાકી રહ્યું હોય તે થોડામાં કહો જોઇએ?

ઉ. આપણે એવું કામ ન કરવું કે જેને અનુસરવાથી આપણાં ભાઇભાંડુની ખરાબી થાય; વળી તેમને નઠારી સલાહ આપીને બગાડવાં નહીં.

પ્ર કુટુંબમાં અદેખાઇ વડે શી માઠી અસર થાય છે?

ઉ. એ દુર્ગુણ જેનામાં હોય, તે પોતાનાં માબાપને અન્યાયાં કરે છે, અને પોતાનાં ભાઇ બેહેનને તે અણગમતો લાગે છે, માટે અદેખાઇનાં તો આવતાંજ પગલાં ટાળવાં જોઇએ.

પ્ર. ભાઇભાંડુ ઉપર હેત વધારતા રહેવાનાં શાં કારણ?

ઉ; જે સલાહસંપ વડે આપણું આખું કુટુંબ જોડાઇ રહ્યું હોય તે સલાહસંપ ટુટી જાય, તો કુટુંબનાં માણસોનો વિજોગ* પડવાથી આપણને દિલગીરી થવાની. ન જાણે તકરારો ભુલી જઇશું, પાછલી તકરાર યાદ આવવાથી સો·

---

† આપણા ભાઇએ ચોરી કરીને કાંઇ લીધું તે આપણા જાણવામાં હોય ને માબાપ પૂછે તે વખત સાચું બોલવાનો આપણો ધર્મ છે, માટે જેટલું જાણતા હોઇએ તેટલું તેવે પ્રસંગે કહેવું. * કંટાળીને જુદાં થાય કે પરદેશ જઇ રહે.

રણુ થશે, અને વખતે એકાંતમાં હોઇશું ત્યારે એમ લાગશે, કે આપણો ઘરસંસાર પેહેલાં સૌથી સુખી હતો, ને હાલ આપણે દુઃખ પામીએ છીએ.

પ્ર. ઘરનાં વડીલ માણસે નાનાં સાથે કેમ ચાલવું?

ઉ. તેમના ઉપર બને તેટલી માયા રાખવી, તેમની નિરપરાધી ગમતો વધારવી, તેમને ભણાવવાં ને સારી સલાહ આપવી, અને હમેશાં તેમનાં રક્ષક ને માબાપ જાણે હોઇએ તે પ્રમાણે તેમની સાથે વર્તવું.

પ્ર. ઘરનાં નાનાં માણસે વડીલો સાથે કેમ વર્તવું?

ઉ. વડીલોને તેમણે માબાપ જેવાં ગણવાં, માન મરજાદા ને હેતથી તેમની સાથે વર્તવું, તેમની આગ્ના પાળવી, અને તેમનાથી જાણે આપણે વધારે ડાહ્યાં હોઇએ એમ દેખાડી આગળ પડવાનો યત્ન કદી પણ કરવો નહીં.

પાઠ ૨૦ મો.

સ્વામી ધર્મ.*

પ્ર. ચાકરો સાથે આપણે કેમ ચાલવું?

ઉ. તેમની સાથે માયાથી ચાલવું, નરમાશથી ને યોગ્ય રીતે બોલવું, ચાલતા સુધી તેમને વધારે મેહેનત ન આપવી, જરૂર કરતાં વધારે બોજો તેમનાપર ન નાખવો, અને ગુલામગોરીની બેડી જેમ તમને ઓછી દુઃખકારક લાગે તેમ કરવું.

પ્ર. આને ધર્મ શા માટે કહેવો?

ઉ. એટલા માટે કે ચાકરો છે તે પણ આપણી પેઠે મનુષ્ય જાતછે. તેઓ ઇશ્વરની નજરમાં આપણા સરખાજછે. આપણાં ઘણાં સુખનો આધાર તેમનાપર છે, અને

---

* ૧ શેઠના ચાકર પ્રત્યે ધર્મ.

તેમની સ્થિતિજ એવી હોયછે, કે જેને માટે આપણને દયા આવે ને વિચાર થાય.

પ્ર. કૃતઘ્નતા એ સ્વામીધર્મનો એક ભાગ છે એમ તમે ગણોછો કે?

ઉ. હા, ઉદારદીલના માણસ આ વાત કબુલ કરશે, અને [1]ઉપકારનો બદલો કમી કર્યાને બદલે જોઇએ તે કરતાં વધારે આપવા તૈયાર રહેશે.

પ્ર. ચાકરો સાથેની વર્તણુકમાં આપણે શાથી અલગ રહેવું વારૂ?

ઉ. બોલવા ચાલવામાં આપણે તેમની સાથે હદથી જ્યાદે હળી જવું નહિ. આપણે યાદ રાખવું કે તેઓ આપણા ચાકર છે, ભાઇબંધ નથી. આપણે હલકાશ બતાવીને તેમને તેમની ખરી મરજાદાથી બહાર જવા ન દેવા.

પ્ર. આટલું બસછે કે કંઇ વધારે કહેવાનું છે?

ઉ. મળેલા હુકમની અવગણના કરવાનું મન થાય એવો લાભ તેમને આપણે કદી આપવો નહિ. આપણે પોતે સારાં કામ કરીને તેમને દાખલો આપવો. જ્યારે તેઓ ખોટું કરે ત્યારે માયાથી તેમને ઠપકો ને શીખામણ દેવાં; અને જ્યારે તેઓ સારૂં કરે ત્યારે તેમને ઉત્તેજન આપવું. એટલે ખરા મનથી તેમને ઘટિત બદલો આપવો કે તેમ કરવાનું વચન આપવું.

પ્ર. જુના ને વિશ્વાસુ ચાકર સાથે કેવી વર્તણુક રાખવી?

ઉ. તેની સાથે માનથી ને પ્યારથી વર્તવું. આપણા ગજા પ્રમાણે તેને સુખ મળે તેમ કરવું, અને આપણે પંડે તેની બરદાશ લેવા ચુકવું નહિ, કેમકે એવું કરવાથી તે અત્યંત ખુશી થશે.

---

1 ચાકરે શેઠ ઉપર જે ઉપકાર કર્યો હોય તેનો શેઠે બદલો વાળવો.

પ્ર. એમ કેમ?

ઉ. કેમકે તે આપણા બાપના વારાનું એક ઘરનું માણસ છે તેની લાંબી ને નિમકહલાલ ચાકરીનો વિચાર થતાં આપણાં માબાપ વિષે, ભાઈચારાના સંબંધમાં થએલી ગમત વિષે, અને પેહેલાં મળેલા કુટુંબ-સુખ વિષે વિચાર આવે છે. એમાંનાં ઘણાં *સુખ પેદા કરનાર કે વધારનાર સો વસા એ ચાકર હશે.

પાઠ ૨૧ મો.

સાર્વજનિક ધર્મ.

આજ્ઞામાં રહેવું.

પ્ર. સંબંધવાળી[1] સાર્વજનિક આજ્ઞામાં રહેવું એટલે શું?

ઉ. સ્વાભાવિક એટલે માબાપની સત્તાને તાબે રહેવું. બીજાને મળેલી એટલે વાલી[2] અથવા રક્ષકની અને શિક્ષકની સત્તાને તાબે રહેવું, અને રાજ સત્તા એટલે દેશના કાયદાની તથા રાજાની સત્તાને તાબે રહેવું.

પ્ર. છોકરાંએ માબાપના કહ્યામાં શા માટે રહેવું?

ઉ. કેમકે છોકરાંને પોતાની મિલ્કત પ્રમાણે ગણવાનો માબાપનો હક છે.

પ્ર. છોકરાંએ રક્ષકના ને શિક્ષકના કહ્યામાં શા માટે રહેવું?

ઉ. છોકરાંનાં ખરાં માબાપને ઠેકાણે તેઓ હોવાથી માબાપની સત્તા તેમને મળેલી છે; માટેજ તેમને ધર્મનાં માબાપ

---

* ઘરડા ચાકર આપણે બાળક હતા ત્યારે આપણને રમાડતા, જીવની પેઠે સાચવતા, અને આપણને સુખ મળે તેમ કરતા, માટે તેમની વૃદ્ધાવસ્થામાં આપણે તેનો બદલો વાળવો જોઈએ. ૧ જેની સાથે કંઈ પણ સંબંધ લગવાડ છે તે. ૨ માબાપ મરી ગયા પછી તેમને ઠેકાણે છોકરાંનું જે રક્ષણ કરતું હોય તે.

કરેછે. આ કારણથી તથા હુકમની અવજ્ઞા કરતાં કેળવણીનું કામ ચાલી શકે નહીં, માટે તેમની સત્તામાં રહેવાની જરૂર છે.

પ્ર. આ કહેવું (કેળવણીનું કામ ચાલી ન શકે તે કહેવું) કેમ સાબીત થાય?

ઉ. બંદોબસ્ત, સુચાલ, અને ખરી વ્યવસ્થા એ કેળવણીના કામમાં પહેલાં જરૂરનાં છે. જયાં એ ન હોય ત્યાં વિદ્યાભ્યાસનો અંત આવેછે, વખત અને બુદ્ધિ નકામાં વપરાય છે, અને માત્ર ખરાબ લઢણોનો† સંચય થાયછે.

પ્ર. તાબેદારીની બાબતમાં શિક્ષકનો બીજી કોઇ રીતે હક નથી?

ઉ. છે. એક ફરજની જોડે બીજી આવે છેજ. આપણી કૃતજ્ઞતા ઉપર તેનો મોટો હક છે; અને કૃતજ્ઞતા હોય ત્યાં તાબેદારી આપો આપ ચાલી આવેછે.

પ્ર. દેશના કાયદા આપણે શા માટે પાળવા?

ઉ. એટલા માટે કે ધર્મશાસ્ત્રમાં કાયદા પાળવાનું કહ્યુંછે; આપણી કારણ શકિત પણ તે પાળવાનું સાફ કહે છે; અને આપણા પોતાના લાભની ખાતર પણ તે પાળવાની ઘણી જરૂર છે. માટે જે કોઇ સ્વદેશના કાયદા તોડે છે, અને ધર્મથી* વિરૂધ્ધ ચાલેછે (અથવા તેનું ખંડન કરેછે) તેને, ખરાબ સ્વદેશી, અને પોતાના પગપરજ કુહાડીમારનારસમજવો.

પ્ર. તાબેદારી એટલાજ કારણથી માનવાની છે?

ઉ. ના. તેને માટે બીજાં ઘણાં કારણછે. કાયદા સૌના લાભને માટે બનાવેલા હોય છે; અને જુદી જુદી જાતોને ભેગી રાખનાર ખરૂં પૂછાવો તો એ કાયદાજ છે. જેમ શરીરને માટે અન્ન છે, તેમ પ્રજાને માટે કાયદા છે; એટલે જીંદગી, તંનદરસ્તી, રક્ષણ, ને આરામચેન પ્રજા મા-

---

† ચાલ—ટેવ—વલણ. * ધર્મશાસ્ત્ર અથવા જે ધર્મ પાળવામાં આવતો હોય તે.

અને એનાથી છે.

પ્ર. આ ધર્મના લાભમાં બીજું કંઈ કારણ તમે આપી શકશો?

ઉ. સઘળા દેશોમાં ને બધા જુગોમાં સૌથીથી સારા ને ડાહ્યા માણસોએ[1] કાયદા બાંધેલા હોય છે. બનાવનારની બુદ્ધિ ને લાયકી વિષે, સૈંકડો વર્ષથી તેમને લોકોએ સ્વિકારેલા છે તે વિષે, અને તેમના લાભ જે આપણે લેતા આવ્યા છીએ તે વિષે વિચાર કરતા તો એમજ નક્કી થાય કે તેમને સંભાળવા, માન આપવું, ને પાળવા.

પ્ર. ત્યારે આ ધર્મ જે તોડે તેને શું ફળ મળે?

ઉ. ધિક્કાર, બેઆબરૂ, ને સજા.

પ્ર. રાજાના હુકમ શા માટે માનવો?

ઉ. કારણ કે કાયદાનો તે રક્ષક છે, અને જે રાજમાં આપણે ઉછર્યા ને આપણું રક્ષણ થયું તે રાજનો તે ઉપરી છે.

પ્ર. પ્રજાની તાબેદારી કેવી રીતે માનવી?

ઉ. જે સભ્યતા માન ને પ્યાર આપણે આપણાં ખરાં માબાપ પ્રત્યે રાખીએ તે રઈયતના પિતા તરીકે આપણે રાજા પ્રત્યે રાખવાં જોઈએ; કાયદાના ઉપરી તરીકે આપણે તેની આજ્ઞામાં ને તાબેદારીમાં રહેવું જોઈએ; અને પરમેશ્વરે તેને આપણા ઉપર રાજ કરવા મુકેલો છે, માટે રાજભકિત ને નિમકહલાલી આપણે તેની સાથે રાખવી જોઈએ.

પાઠ ૨૨ મો.

સ્વદેશ હિતેચ્છા (દેશાભિમાન)

પ્ર. [2]સ્વદેશહિતેચ્છા એટલે શું?

---

1 જેમકે આપણા મુળ કાયદા મનુએ બાંધ્યા તે સેંકડો વર્ષથી ચાલે છે. ઉછાંછળા ને અણસમજુ લોકો મહા પંડિતોએ બાંધેલા ધારા વિચાર કર્યા વગર હસી કાઢેછે, પણ એ બહુ ખોટું છે. 2 સ્વ + દેશ + હિત + ઇચ્છા. પોતાના દેશનું

ઉ. આપણા દેશ ઉપરનો પ્રેમ—એટલે દેશની ભૂમિ, [1]સ્થાનકો, કાયદા, અને આપણી પેઠે જેમને સ્વદેશે જન્મ આપ્યો હોય તે સઘળા ઉપર પ્રેમ રાખવો તે.

પ્ર. આ ધર્મ ન પળાય તો શું સમજવું?

ઉ. એ ધર્મ ન પાળનારનું હૃદય દમ વગરનું ને [2]કૃતઘ્ન છે એમ સમજવું. આ ધર્મ સઘળે [3]ઠેકાણે એટલો સ્વિકારવામાં આવ્યો છે, કે બીજા હરેક ગુનાને માટે કોઇ માફ કરનાર મળે, પણ જે કોઇ પોતાના દેશને માટે બે દરકાર રહે છે તેનો સૌ ધિક્કાર ને તિરસ્કાર કરે છે.

પ્ર. દેશાભિમાન શામાં રહેલો છે?

ઉ. આપણા દેશના કાયદા દૃઢપણે પાળવામાં, તેનાં સ્થાનકોને આશરો આપવામાં, દેશીભાઇઓને તથા દેશાભિમાનીઓને મદત કરવામાં, અને આપણા પોતાના કલ્યાણને સુખસાના કરતાં દેશ કલ્યાણને વધારે પસંદ કરવામાં.

પ્ર. એનાં કેટલાંક ફળ ગણી બતાવો જોઇએ?

ઉ. આપણી જમીન [4] ખેડાય છે તે દેશાભિમાનને લીધે; ખેડુતને મેહેનતને ખુશી રાખનાર, અને વિપત્તિની અંદર પણ સ્વભૂમિની સાથે જોડી રાખનાર દેશાભિમાન છે; રાજકારભારીઓને તેમની જંજાળમાં ટેકો આપનાર એ

કલ્યાણ કરવાની ઇચ્છા. 1 ધર્મોના, વિદ્યાનાં, સુધારાનાં વગેરે; જેમ કે ધર્મશાળા, દેવસ્થાન, સદાવ્રત, નિશાળો, પુસ્તકશાળા, દવાખાનાં, હુન્નરશાળાઓ વગેરે. ૨ નિમક હરામ. ૩ વિશેષે કરીને વિલાયત વગેરે સુધરેલા દેશોમાં.

૪ ખેડુતો અને સઘળા લોકો આછું પાતળું મળે તોય પોતાનો દેશ તજી વિદેશમાં ઘણું કરીને જઇ રહેતા નથી, અને પોતાનું કામ હોંસથી કર્યે જાય છે તેનું એક કારણ સ્વદેશ પ્રીતિ છે. પરદેશમાં ગએલા પણ પોતાના અસલ દેશને ચાહે છે, અને ત્યાં આવવાનું મન કરે છે.

છે; ધર્મના ઉપદેશકોને નિરાશા વખતે આશરો આપનાર એ છે; લડાયક સિપાઈઓને તથા ખલાશીઓને ભય રહિત ને મરણીઆ કરનાર એ છે; અને સ્વાભાવિક રીતે કે ઈશ્વરથી મળેલી સ્થિતિમાં દરેક માણસ દૃઢ રહે છે તે દેશાભિમાનથીજ.

પ્ર. શા વિચારથી આપણા દેશ પર પ્રીતિ રાખવાનું આપણને મન થાય છે?

ઉ. એ ભૂમિએ આપણને જન્મ આપ્યો, એમાંજ આપણે ઉછર્યા ને કેળવણી પામ્યા, આપણા માબાપનું તે રહેઠાણ, ને આપણા બચપણનું તે ઘર છે. આપણા વડીલોની મરણ ભૂમિ એ છે, અને આપણા ઈશ્વરનું મંદીર પણ એજ છે.

પાઠ ૨૩ મો.

કૃતજ્ઞતા.

પ્ર. કૃતજ્ઞતા[૧] એટલે શું?

ઉ. મળેલા લાભને માટે ઉપકાર માનવાની વૃત્તિ. અને એ લાભ આપનારનો આપણાથી બને તેમ સારી રીતે બદલો વાળવાની ઇચ્છા.

પ્ર. કૃતજ્ઞતાને ધર્મ શા માટે કહેવો?

ઉ. એટલા માટે કે એથી ન્યાય અને ખરાપણાની સમજ આપણામાં છે એમ માલમ પડે છે. અને આપણી માયાળુ[૨] વૃત્તિઓને ઉત્તેજન મળે છે.

પ્ર. કૃતજ્ઞતાને આપણે જેમ ધર્મમાં ગણીએ છીએ તેવી રીતે તે માયાળુ મનોવૃત્તિમાં ગણી શકાય કે નહીં?

ઉ. હા, ગણી શકાય. કૃતજ્ઞતા જેનામાં ન હોય તે માણસ એવો સ્વભાવ[૩] વિરૂદ્ધ ને નીચ ગણવામાં આવે છે

---

૧ કબુતર ને કીડીના પાઠની છોકરાંને યાદ દેવરાવવી. ૨ દયા પ્યાર વગેરે માયાળુ વૃત્તિઓ કહેવાય છે. ૩ જન

કે એવા કૃતઘ્ની માણસથી પણ "હું કૃતઘ્ન નથી" એમ આર માણસમાં કદી કહી શકાશે નહીં.

પ્ર. બીજા બધા ધર્મમાં ને કૃતજ્ઞતામાં શો ફેર છે?

ઉ. બીજા બધા ધર્મ પાળવામાં થોડી કે ઘણી મુશ્કેલી કે દુઃખદાયક અટકાવ નડે છે, પણ કૃતજ્ઞતાના આચરણમાં એવું કંઈ હોતું નથી. કૃતજ્ઞતા જાણવામાં ને પાળવામાં મીઠાશ ને સંતોષ રહેલાં છે.

પ્ર. કૃતઘ્ન માણસમાં બીહીવા જેવું શું છે?

ઉ. તેનામાં ધર્મની અને નીતિની લાગણી બિલકુલ હોતી નથી. જગત્કર્તાની તાબેદારીનો ને સેવા ચાકરીનો પાયો તેણે આપણા ઉપર કરેલા ઉપકાર છે. એ માટે જે માણસ કૃતઘ્ન થાય છે તે તેના પરમેશ્વરને તજે છે; સઘળી સારી વસ્તુના આપનાર ઉદાર ઇશ્વરને તે જુલમગાર ગણે છે અને તેને ધિક્કારે છે.

પ્ર. એમ કેમ?

ઉ. કેમ કે જે જે લાભ મળે તેને લાભ ગણવામાં ન આવે અને તેથી આપણામાં કૃતજ્ઞ લાગણી ઉત્પન્ન ન થાય, તો આપણી નજર તે (લાભ) નુકશાન અને પાડાકારી બોજો થઇ પડેછે: આપણા ઉપર ઉપકાર કરનારને આપણે દુશ્મન અને ધિક્કારવા જોગ વસ્તુ ગણીએ છીએ.

પ્ર. આપણી કૃતજ્ઞતા સૌથી સારી રીતે કેમ બતાવી શકાય?

ઉ. આપણા ઉપર ઉપકાર કરનારની જેવી ઇચ્છા જણાય તે પ્રમાણે નિમકહલાલીથી ચાલવું, તેની આજ્ઞા બરાબર માનવી, અને તેનું સન્માન રાખવું. સન્માન રાખવાથી તેના ભલાને માટે ખરા મનથી પ્રાર્થના કરવાનું, તેની સેવા કર-

---

સ્વભાવ કૃતઘ્ન હોય છે, માટે કૃતઘ્નીને સ્વભાવવિરૂદ્ધ = અસ્વભાવીક કહીએ તો ચાલે (ઔરંગજેબ સરખો.)

વાનું, તેની ચાલચલકત અને માલમિલ્કત ઉપર થતા હુમ-લાથી બચાવ કરવાનું વલણ થશે, એટલે ઉપકારનો બદલો સારી રીતે વાળી શકાશે.

પાઠ ૨૪ મો.

સભ્યતા.

પ્ર. [1]સભ્યતા એટલે શું?

ઉ. બીજા સાથે માયા મમતા ને સલુકાઈથી વર્તવું, એટલે આપણા સમાગમમાં તેઓને સુખ ચેન લાગે. આ-પણા પોતાના કરતાં તેમને વધારે માનવંતા ગણવા, અને તેમને માટે વધારે કાળજી રાખવી.

પ્ર. આ સદાચરણને મહત્વ શાથી મળેછે?

ઉ. મન મારવાના ગુણથી. બીજાના સુખને માટે આ-પણી પોતાની ઇચ્છા છોડી દેવી. આ કારણથીજ એને ઉદાર સદ્‌ગુણ કહેછે.

પ્ર. એથી શાં ફળ થાયછે?

ઉ. એથી લોક આપણા વિષે સારો વિચાર બાંધેછે, અને તેઓ આપણું વિશેષ માન રાખેછે. એથી સંસાર સુખરૂપ થાયછે. સારો સ્વભાવ રાખવાથી, અને જૂદા જૂદા પક્ષમાં મિત્રાચારી વધારવાથી નીતિધર્મને પુષ્ટી મળે છે, તથા નાતજાતના લોકને લાભ થાયછે.

પ્ર. શું વિવેક એકલો આચરણમાંજ રહેલો છે?

ઉ. ના, આપણી †બોલછા પણ સભ્ય જોઇએ; એટલે અસભ્ય, કશોભીતાં, જડસાં, કે અપ્રીતિ ભરેલાં વેણ સં-ભાળથી તજવાં.

---

૧ વિવેક—આ વિષેનો ચોથીચોપડીમાં પાઠ છે તે ઉપર છોકરાંનું ધ્યાન ખેંચવું. † પોપટનાં બે બચ્ચાં વિષેનો પાઠજુઓ.

પાઠ ૨૫ મો.

પરોપકાર બુદ્ધિ.

પ્ર. પરોપકાર બુદ્ધિ એટલે શું?

ઉ માણસ જાતનું સારૂં કરવાની લાગણીને તથા તેમનાં સુખ વધારવાની ને [1]હાજતો દૂર કરવાની એક સ-[2]સરખી તિવ્ર ઇચ્છાને પરોપકાર બુદ્ધિ કહે છે.

પ્ર. દયા અને પરોપકાર એકજ છે કે કેમ?

ઉ. કેવળ એકજ છે એમ નહિ. દયાનો બાહોળો અર્થ લઇએ તો તેમાં પરોપકારની સાથે આપણાં લક્ષણને પરિપૂર્ણ કરનાર હરેક સદ્ગુણ આવી જાય. તેનો ટુંકો અર્થ લઇએ તો તે પરોપકાર એટલે ગરીબની તંગીઓ દૂર કરવામાં આપણી પાસે જે હોય તેનો કેટલોક ભાગ મોકળે હાથે વાપરવો તે.

પ્ર. આ ધર્મ બજાવવાનાં [3]પ્રયોજન કીયાં કીયાં?

ઉ. મુખ્ય એ કે પરમેશ્વર આપણું ભલું કરનાર છે તેની ભારે સમજ; અને બીજું એ કે આપણે સૌ તેનાં બનાવેલાં પ્રાણી છીએ એ યાદ રાખવું. આપણે સર્વેને સરખી તંગીઓ ને ખપ પડે છે, અને મદદને માટે સર્વેને એક બીજાની જરૂર પડે છે.

પ્ર. શું પરોપકાર કરણીમાંજ રહેલો છે?

ઉ. ના. વિચાર ઉપર પણ તેની જબરી સત્તા છે. બીજાનાં કામ ખોટાં છે એવું પરોપકારબુદ્ધિવાળો માણસ મનમાં આવવા દેતો નથી. તો પછી તે લોકોએ પોતાનાં કામ ખોટા હેતુથી કર્યાં છે તેનો વિચાર તો એના મનમાં કયાંથીજ આવે? હરકોઇએ પરોપકાર વગેરે કરેલાં કામ સારા હેતુથીજ કર્યાં હશે એવો સવળો અર્થ તે લેછે. તેના મન

---

૧ ગરજ મટાડવી અથવા જરૂરીઆત પુરી પાડવી. ૨ ઓછી ન થાય એવી અખંડ. ૩ કારણ.

ને ખોટું લાગે એવી વૃત્તિ તે રાખતો નથી, અને કદી લાગે તો તે હશીમાં ગણીને મનમાંથી કાઢી નાંખે છે.

પ્ર. જગતમાં પરોપકાર બુદ્ધિનો ગુણ કેવો ગણાય?

ઉ. સારો. એવા સદ્‌ગુણ થોડાજ છે કે જેમને લોકો પરોપકાર જેટલા ચાહાતા હોય, માટે સંભાળ રાખવી કે આપણી પરોપકારબુદ્ધિ પોતાને ઉંચસ્થાનેજ જળવાઇ રહે.

પ્ર. પરોપકારનું મૂળ શેમાં છે?

ઉ.પરમેશ્વર ઉપરના ભાવમાં; કેમકે માણસો ઉપરની સદ્‌ભાવના ત્યાંથીજ ઉત્પન્ન થાય છે.

પ્ર. આપણે ઘણા લોકથી ઠગાઇએ છીએ, અને ગુણ પછવાડે અવગુણ કરનારા આપણને મળે છે, તેથી શું આપણે આ ધર્મ છોડી દઇએ તો નિર્દોષ થઇએ કે?

ઉ. કદી નહિ. જ્યાં સુધી સંસારનો સંબંધ જારી છે, અથવા જગતમાં દરિદ્રતા ને જુલમ ચાલુ છે, ત્યાંસુધી આ ધર્મ પાળવોજ જોઇએ. આ ફરજ આપણે ઇશ્વરને અદા કરવાની છે. આપણને બદલો આપવો એકલા તેનાજ હાથમાં છે, અને જ્યાં સુધી તે આપણને બંધનમાંથી છૂટા કરે નહિ, ત્યાં સુધી પરોપકાર કરવા આપણે બંધાએલા છીએ.

પાઠ ૨૬ મો.

નિષ્કપટ (સત્યશીલતા.)

પ્ર. નિષ્કપટ એટલે શું?

ઉ. પ્રમાણિકપણે ને ચોખવટથી ચાલવું. દરેક જાતની ઠગાઇ અને ઢોંગને ધિક્કારવાં.

પ્ર. નિષ્કપટને સદ્‌ગુણ શા માટે કહે છે?

ઉ. કેમકે *જનમંડળના પ્રથક આદમીના ભલાને

---

*માણસ સમગ્ર; અને પ્રથક એટલે દરેક માણસ. આ વિષય શીખવતાં જુઠ વિષેનો પાઠ ઉપયોગમાં લેવો.

માટે એની જરૂર છે.

પ્ર. જુઠને તમે કેવો ગણો છો?

ઉ. સઘળા દુર્ગુણોમાં તેને નીચ ને અધમ ગણીએ છીએ. ઇશ્વરની નજરમાં તે સૌથી વધારે ધિક્કારવા જોગ છે. એથી બીકણો ને સ્વાર્થી સ્વભાવ માલમ પડે છે; અને હરેક દુર્ગુણ એમાંથી પેદા થાય છે.

પ્ર. એક મહાપંડિતને કોઇએ પૂછ્યું કે જુઠું બોલવાથી માણસને શું ફળ મળેછે, ત્યારે તેણે કેવો જવાબ આપ્યો?

ઉ. "સાચું બોલે તો પણ કોઇ માને નહિ", એ ફળ તેને મળે છે.

પ્ર. ખરી અથવા સ્પષ્ટ જુઠથીજ માત્ર અલગ રહેવાનું છે?

ઉ. ના, હરેક જાતની છેતરપંડી, પછી ઇશારાથી, વાણીથી, કે આચરણથી થતી હોય તેનાથી પણ દૂર રહેવું જોઇએ. દ્વીઅર્થી બોલવાથી, જે કહી સંભળાવતા હોઇએ તેમાં મરી મશાલો ભેળવવાથી, કે એમાં જરા પણ છાંટ મારવાથી આપણાં લક્ષણને અનીતિનો ડાઘ લાગે છે.

પ્ર. નિષ્કપટથી શા શા લાભ થાય છે?

ઉ. જે ખુલ્લા દીલનો નિષ્કપટી હોય છે, અને જેને પોતાની રેહેણી કરણીમાં કંઇ છુપાવવા જેવું હોતું નથી, ને પાપકર્મોથી લલચાતો નથી, અને લોકમાં પોતાની ઉંચી યોગ્યતા જાળવી શકે છે, તેને સઘળા માન આપે છે. તે ખુણે ખોચરે પડી રહેનારો હશે, તો પણ તે સ્વતંત્ર, નિર્મળ, અને મહાન રહે છે.

પ્ર. એથી સામાને શા શા લાભ થાય?

ઉ. મિત્રાચારી ભરેલા અને વિશ્વાસુ વ્યવહારનું સુખ મળે છે. એથી સાર્વજનિક કામને આશરો મળે છે,

અને તેને નભાવી શકાય છે.

પ્ર. સાચવટ જાળવવામાં કયો સાધારણ દુર્ગુણ તજવો જોઇએ?

ઉ. જુઠાં વખાણ કરવાની ટેવ તજવી જોઇએ. આ દુર્ગુણને સારીપેઠે ધિક્કારવો જોઇએ, કેમકે એથી બીજા છેતરાયછે; અને તેમની સ્વપ્રીતિ[૧] તથા ખોટી બડાઇ સાંભળવાની હોંસને એથી પુષ્ટી મળેછે; તેમજ આપણું પોતે આપણી ભૂલો ને ખોડ ખાપણ વિષે ખરેખરૂં લોકોથી જાણી શકતા નથી, સબબ તે સુધારવાનો આપણને લાગ મળતો નથી.

પ્ર. સત્યશીલતા જાળવવાના ઉપાય કીયા કીયા?

ઉ. બોલતા પેહેલાં વિચાર કરવો; બીજા ઉપરનાં હૃદયથી જયાદે ચાહના કે કંટાળાને કબજામાં રાખવાં; આપણી તર્ક શકિતને લગામમાં રાખવી; જે [૨]કથન મુખ્ય કરીને આપણને લાગુ પડતું હોય, અથવા જે બીજાને લાગુ પડતું હોય, તે કહેતાં ખૂબ સંભાળ રાખવી.

પાઠ ૨૭ મો.

નમ્રતા (સૌમ્યતા.)

પ્ર. નમ્રતા એટલે શું?

ઉ. જેની સાથે આપણો કોઇપણ તરેહનો સંબંધ હોય, અથવા જેના ઉપર આપણો અધિકાર હોય, તેની સાથે બોલવા ચાલવામાં મીઠાશ રાખવી તે.

પ્ર. એને ધર્મ શા માટે કહે છે?

ઉ. કેમકે એથી લોકોના સુખમાં તથા વખતે લાભમાં પણ ઘણો વધારો થાય છે, અને પાપ કરવાની ઘણી લાલચો એથી તજાય છે.

---

૧ પોતા વિષે પ્રેમ. ૨ કહેણ-કહેવાનું.

પ્ર. ખરી નરમાશથી શા શા લાભ થાય?

ઉ. મહાકવિ (શેકસપીઅર) કહે છે કે "એ બેવડી રીતે લાભકારી છે; એટલે જે માણસ નરમાશ વાપરે છે તે સર્વનો પ્યાર મેળવે છે, અને જેમની સાથે તે નરમાશ રાખે છે તેમને પોતાની દુઃખદાયક અવસ્થા ને ધંધો પણ મીઠાં થઇ પડે છે."

પ્ર. સૃષ્ટીરૂપી પુસ્તકમાંથી આ સદ્ગુણ સંબંધી કાંઇ શીખામણ મળી શકે કે નહિ?

ઉ. હા, મળી શકે છે. સઘળા સરજેલા પદાર્થોમાં નરમાશ રહેલી છે, અને તેથી માલમ પડી આવે છે જે તેનો કર્ત્તા પણ નમ્રતા ને માયાથી ભરેલો છે. સાંઝે પડતી ઝાકળ, સવારે આવતી પવનની લહેરો, શ્રાવણના ધીમાં સરવડાં, ભાદરવાનો મંદ ઝરમર કરતો મેહુલો, અસ્ત થતા સૂર્યના કીર્ણો, અને રાતે સંભળાતો મંદ શાંત અવાજ એ સર્વે તેના બનાવનારનું નમ્રપણું બતાવે છે. આ સઘળા બનાવ નિરંતર ને સઘળે ઠેકાણે જોવામાં આવે છે. પવનના સુસવાટ, અને વર્ષાદની ભયંકર ગર્જના તો કવચિતજ સાંભળીએ છીએ.!

પ્ર. આ ગુણ શું [1]ઉપલા ડોળવાળો ધર્મ છે?

ઉ. ના. એની મતલબ બીજાને આંજવા કરતાં ખુશી કરવાની છે. એનો વિશેષ ગુણ એ છે કે જ્યાં ઉપરીપણું હાથ નીચેનાં માણસોને સખતાઇ ભરેલું લાગતું હોય ત્યાં તે ઢાંકવું.

પ્ર. આની સાથે નજીકનો સંબંધ રાખનાર માયાળુ સદ્ગુણ બીજા કયા કયા આવે છે?

ઉ. એથી આપણા જાતિભાઇઓની દિલગીરીમાં આ

---

૧ ઉપર ઉપરનો—બહારનો.

પણ ભાગ લેતા થઈએ છીએ, અને તેમની ખોડ ખાંપણ ને માટે સખતાઈ રાખતા નથી. એમના ઉપર ઉપકાર કરીએ તે એ સ્વભાવથી તેઓ બમણા ખુશી થઈને કબુલ કરે છે. ઉપકારના બોજાનો સખત ભાર પણ એથી લાગતો નથી. ઉતાવળમાં અમર્યાદ બોલતાં વેણ એથી અટકે છે. ગુસ્સામાં ઝાંઝ ચઢી હોય તે નરમ પડે છે. નમ્રપણું એ શાંતિનો સાથી અને તેને વધારનાર છે.

પ્ર. કયા કયા દુષ્ટ અને અણગમતા દુર્ગુણોનો એ સામાવાળીઓ છે?

ઉ. અહંકારનો અને પોતાની મરજી પ્રમાણેજ કરવાની હઠીલાઈનો તે સામાવાળીઓ છે. બીજાને દુઃખ દેવાના વલણની, અને તેમને માફ ન કરવાની ખામીની તે વિરૂદ્ધ છે. નિર્દય સ્વભાવની અને બીજા વિષે મત બાંધવામાં સખતાઈની તે સામે છે.

પ્ર. બીજા કરતાં આ સદ્‌ગુણમાં વિશેષ લાભ કયો છે?

ઉ. દેશકલ્યાણનાં, દેશસુધારાનાં, શૂરવીરપણાનાં, કે મન મારવાનાં મહત્કાર્યો કરવાની જોગવાઇ કવચિતજ મળે છે, પરંતુ નમ્રપણાનું કામ નિરંતર પડે છે, અને તે આચરવાનાં સાધન હમેશાં આપણી નજીકજ હોય છે. મહાન થવાની શકિત થોડામાંજ છે, પરંતુ નમ્ર થવાની તો સઘળામાં છે. સંસારમાં લોકોની આપદાઓ થોડાકજ દૂર કરી શકે, પરંતુ સઘળા તેવી આપદાઓને હલકી (ઓછી) કરી શકે. ઘણા જણ આખી પ્રજા ઉપર અમલ મેળવી તેમનાં સુખદુઃખ ફેરવી શકતા નથી, પરંતુ હરેક જણ કોઇ અભાગીઆ માણસની હાલત સુધારી શકે, કે તેની આપદા ઓછી કરી શકે.

પ્ર. આ ગુણ શું આપણા મનુષ્યભાઇઓ પ્રત્યેજ

આચરવાનો છે?

ઉ. ના, પશુઓ અને જેમાં જીવ છે તે સર્વ પ્રત્યે આચરવો. ઢોર ઉપર માયા રાખવી એ દયાળુ સ્વભાવની નિશાની છે. જે પોતાનાં ઢોર ઉપર ઘાતકીપણું ગુજારે છે, તેનામાં સદ્‌ગુણ ને ન્યાયી સ્વભાવ બતાવનાર ઉમદા ગુણની ખામી છે એમ સમજવું.

પાઠ ૨૮ મો.

ચોખવટ (પ્રમાણિકપણું.)

પ્ર. [1]ચોખવટ એટલે શું?

ઉ. પારકી મિલકત તરફ વાજબી ને પ્રમાણિક નજરે જોવું; અને પોતાના કામકાજમાં હલકા ને સ્વાર્થી ઘાટ ઘડવાથી દૂર રહેવું તે.

પ્ર. એ ધર્મ શા માટે કહેવાય?

ઉ. એટલા માટે કે એ વગર સંસાર અવ્યવસ્થામાં આવી પડે, વેપાર રોજગાર બંધ પડે, અને સુધરેલા પ્રદેશ પણ ચોર અને ખુનીઓનું રહેઠાણ થઈ પડે.

પ્ર. આ ધર્મનું શી રીતે ઉલંઘન થાય?

ઉ. ઉઘાડી લુટફાટ જેવા જુલમથીજ એનું ઉલંઘન થાય છે, એટલુંજ નહિ પણ દરેક જાતની ઠગાઈ અને છેતરપંડીથી પણ તેનું ઉલંઘન થાય છે. વાળી ન શકીએ એવું દેવું કરવાથી, આપણા નોકરચાકરની વાજબી રોજીમાં કે સરકારી નોકરીના પગારમાં ભૂલથાપ દેવાથી, પાછું ન આપવાને ઇરાદે ઉછીનું લાવવાથી, અને વેપારીનો માલ ઓછે પડાવી લેવાનો યત્ન કરવાથી પ્રમાણિપણાનું ઉલંઘન થાયછે.

પ્ર. એનું ઉલંઘન શા શા કારણથી થાય છે?

---

૧ પાકધાનત.

ઉ. અતિ લોભી સ્વભાવ, હડાઉપણું, સ્વછંદ, એદી-પણું, અને સુધર્યા વગરની સમજશક્તિ, એ કારણોથી.

પ્ર. અપ્રમાણિકપણાથી અલગ રહેવાના શા શા ઉપાય?

ઉ. બીજાનાં ચઢીઆતાં સુખ સંપત તરફ અદેખાઈ કર્યા સિવાય જોવાની ટેવ પાડવી, આપણી આશા તૃષ્ણાને આપણાં સાધનોની હદ બહાર જતી અટકાવવી, આપણા ધંધા રોજગારમાં મેહેનતથી મચ્યા રહેવું, અને એ દુર્ગુણ અધમ ને નીચછે એવું આપણા મનમાં નિરંતર સમજી રાખવું.

પ્ર. પ્રમાણિક માણસનાં મનપર સૌથી વધારે દુઃખ દાયક બોજો કયો છે?

ઉ. વાજબી દેવું વાળવાની પોતામાં તાકાત નથી એ જાણવું તે. એ માટે, કોઈવાર કરજની આપદામાં આવી પડવાની કમબખ્તી ન લાગે એને લાટે લાંબી નજરથી ને [1]સંયમથી સારીપેઠે મેહેનત કરવી.

પ્ર. ઉધાર ઉછીનું કરવાની ટેવ સારી છે?

ઉ. ના, આપણા મોજશોખને માટે ઉધાર ઉછીનું ક-રવા કરતાં દુઃખ વેઠવું સારૂં.

પ્ર. પરંતુ ઉધાર ઉછીનું કરવાની કદાચ આપણને જરૂર પડે તો પછી કેમ કરવું?

ઉ. તે પાછું વાળવાને પેહેલી તક સાધવી. તે પાછું વળતાં સુધી આપણો ખરચ [2]કમી કરવો, અને કોઈ જાત

પાઠ ૨૯ મો.

મોટું મન.

પ્ર. મોટું મન એટલે શું?

---

[1] મન મારવું. [2] ઘણાને બપડાક મારી મોં રાતું રાખવાની ટેવ હોય છે. જેમ પૈસો ખુટતો જાય તેમ બહારનું ડોળ રાખવાના મોજ શોખમાં ન પડવું.

ઉ. બીજાના કૃત્યો ને તે કરવાનાં કારણ વિષે માયા મેહેરબાનીથી મત બાંધવાનો [1]સ્વભાવ.

પ્ર. એને ધર્મ શા માટે કહેવો?

ઉ. એટલા માટે કે એ વગર ઘણી બાબતોમાં ઇન-સાફ આપી શકાય નહિ, અને સત્ય બોળી કઢાય નહિ.

પ્ર. એને ધર્મ ગણવાનું કોઇ બીજું કારણ છે?

ઉ. હા, આપણા મનુષ્ય ભાઇઓ સંબંધી આપણા અપૂર્ણ જ્ઞાનને લીધે, તેમનાં ઘણાં કૃત્યો આચરવાનું કારણ નિર્દોષ ને વખાણવા જોગ હોય, તોપણ તે આપણને ઠપકો આપવા જોગ જણાય; એ માટે, તથા આપણને વારે વારે છેતરવાનો[2] સંભવ છે, માટે હરેક બાબત વિષે બનતા સુધી સવળો[3] અર્થ લઇને મત બાંધવા.

કરજ કરી ખરચ કરે પણ અંતે તેની વધારે ખરાબી થાયછે.

પ્ર. બીજાની ચાલચલકત વિષે મત આપતાં મોટા મનની જરૂર છે કે નહીં?

ઉ. છે; કેમકે તે વગર આપણે નિષ્પક્ષપાતી થઇ શકતા નથી; અને એ કારણસર આપણે અન્યાય કરી

---

૧ કેટલાક કાગડાની પેઠે બીજાનાં ચાંદાંજ ખોળે એ-સામાનું સારૂં તેમની નજરે ક્યાંથી પડે? મોટા મનનો હોય તે બીજાની સરસાઇ જુએ, નબળાઇ ઉપર ધ્યાન ન આપે. સામાએ ખોટાજ ભાવથી કરયું હશે એમ તે માનતો નથી. ઇનસાફદાર પણ તોહોમતવાળાએ ગુનો કર્યો નથી એમ મનમાં રાખી તપાસ કરે છે. ૨ કેમકે આપણને પૂર્ણ જ્ઞાન નથી તેમ સામાના પેટમાં આપણે પેશી શકતા નથી. ૩ કોઇ દાન કરેતો અવળો અર્થ લેનાર કહેશે, એતો એણે જગતમાં માન મેળવવા કર્યું, ઘણો પૈસો હતો તે નાખેય ક્યાં, એના ઉપરીએ ખેળેખેળે કરાવ્યું હશે, કેમ જાણ્યું કે દાનજ હશે, વખતે બળતું ઘર કૃષ્ણાર્પણ કર્યું હોય, વગેરે.

બેસવાના. બીજા વિષેની તુલના માત્ર અનુભવથીજ થઇ શકે છે; કેમકે ઘણાક દેખીતા ઉમારા જેવા હોય, તોપણ ખરેખરા તે સારા માલમ પડી આવે. કોઇ માણસમાં ખરેખરા દુર્ગુણ હોય તો પણ આપણું મોટું મન હશે, તો તે સદ્ગુણ શુન્ય છે એમ આપણે નહિ માનીએ. મોટા મનનો માણસ કોઇ પણ ખામી વિષે ઉદાર દીલથી મત બંધાતું હશેતો તે જલદીથી જાણી જશે અને ખુશીથી કબુલ કરશે.

પ્ર. બીજી કોઇ બાબતોમાં મોટા મનની જરૂર છેકે?

ઉ. હા, બીજાના મનની તુલના કરવામાં એની જરૂર છે; કેમકે નહિ તો આપણે ખમી ન શકાય એવા ને કરડા મીજાજના થઇએ છીએ. આપણે યાદ રાખવું કે આપણાથી પણ ભૂલ થાય છે, માટે કોઇ આપણો જાતિભાઇ ભૂલ કરે, તોતે આપણા તિરસ્કાર કરતાં દયાનેવધારે પાત્રછે.

પ્ર. મોટા મનની ખામી કયાંથી ઉત્પન્ન થાય છે?

ઉ. આપણા પોતાના વિશે હુંપદ અગવા અતિ ઉંચું મત ધરાવવાથી, અને આપણી ખોડ તથા લક્ષણના અજાણપણાથી. જે પોતાને ઓળખે છે તે હમેશ નમ્ર હોય છે, અને જે નમ્ર હોય તે હમેશ બીજા પ્રત્યે પણ નરમાશ રાખે છે.

પ્ર. બીજાનાંચાંદાં બોળનાર માણસપર કેવુ આળઆવેછે?

ઉ. બીજા ઉપર જે આળ તે મુકે છે તેજ પોતાને માથે આવે છે. જે પોતાના પાડાપાડોસીની નિંદા કરવા તત્પર રહે છે, તે જાણે પોતાનીજ છબી આરશીમાં દેખાડતો હોય એવું થાય છે, એટલે તે ઉપરથી તેનું અંતઃકરણ કેવું છે તે જણાઇ આવે છે.

પાઠ ૩૦ મો.

ન્યાય.

પ્ર. ન્યાયનો અર્થ શો?

ઉ. બીજા સાથેની વર્તણુકમાં ખરૂં અને વાજબી કરવાનો જે દઢ નિયમ તેને ન્યાય કહેછે. એ સૌથી વધારે અગત્યનો ધર્મછે.

પ્ર. એને અગત્યનો ધર્મ કહેવાનું શું કારણ?

ઉ. જે માણસમાં એની ન્યુન હોય તે વખાણવા જોગ નથી; અને જ્યાં એ ધર્મ આચરવામાં આવતો નથી, ત્યાં સંસાર લાંબી મુદત નભી શકે નહીં. ઘણા સદ્ગુણ આણવા લાયક છે, પણ ન્યાય તો મહા પ્રતાપી સદ્ગુણ છે.

પ્ર. ન્યાયનો આધાર કયા મોટા નિયમ ઉપર છે?

ઉ. **आत्मवत्सर्वभूतेषुयःपश्यतिसपश्यति** (એટલે સર્વ મનુષ્યને જે પોતાના જેવા જુએ છે તેજ ખરૂં) જુએ છે). અથવા, બીજાઓ પ્રત્યે આપણે એવી વર્તણુંક રાખવી કે જેવી વર્તણુક આપણે તેમના તરફથી ઇચ્છીએ. આ નિયમનેજ આધારે આપણે વાજબી ગેરવાજબી શું તે નક્કી કરી શકીએ.

પ્ર. વારૂં ત્યારે આ ધર્મ ફક્ત માણસનાજ સંબંધમાં પાળવાનો છે?

ઉ. ના. એમાં તો પશુ પક્ષી પણ આવી જાય, માટે ઢોર ઢાંક ઉપર ઘાતકીપણું ને જોર જુલમ કરવામાં આવે તેને માટે આપણને સજા થવાની એ નક્કી છે.

પ્ર. એને પ્રતાપી સદ્ગુણ શા માટે કહો છો?

ઉ. એટલા માટે કે ઘણા સદ્ગુણનું તે મૂળ છે; માણસને બક્ષેલા શ્રેષ્ટ ગુણોનો તે સાથી છે, અને હલકાઇ, મુરખાઇ, તથા પાપકર્મ, એ હોય ત્યાં રહેવા પામતાં નથી.

પ્ર. કેવાં લક્ષણની સાથે ન્યાય રહી શકતો નથી?

ઉ. જે માણસ લોભી હોય તે ખસુસ અન્યાયી હોયછે. વ્યભિચારી, ચાડીઓ, ખુશામતીઓ, વચન તોડનાર, છેતરપીંડી કરનાર, અને જુલમી માણસ અન્યાયી હોય. એ માટે જે કોઇ પોતાના ત્રણ ધર્મ-ઇશ્વર પ્રત્યે, પડોશીપ્રત્યે, ને પોતાપ્રત્યે-ઇમાનથી પાળે છે, તેજ ખરેખરો મહાન અને ન્યાયી પુરૂષ છે.

સમાપ્ત.